**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦/–**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ‘અધ્યાત્મ’ પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ—ડૉ.બી.જે.જાગાણી, ૨૪—નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| માનવજીવન | યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૫ |
| Everday, a sunset | Pooja Bhakta | ૧૦ |
| Van Vishram | Dinaben LA | ૧૪ |
| જન્મોત્સવની ત્રિવેણી | જ્યોત્સનાબહેન ત્રિવેદી | ૧૬ |
| માનસિક શાંતિ | નારાયણ હ. જાની | ૨૪ |
| સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા | સ્વામી રામદાસ | ૨૮ |
| રક્ષાબંધનની સ્મરણીય ઘટના | મા સર્વેશ્વરી | ૩૫ |
| મેં રામકૃષ્ણને જોયા છે(૨) | રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્ય | ૪૦ |
| સ્વર્ગારોહણના સત્કર્મો | રાજુભાઇ જાની | ૪૬ |
| કેનોપનિષદ | યોગેશ્વરજી | ૪૮ |
| પૂ.શ્રી માની સંનિધિમાં દિવાળી પર્વના દિવસો | ડો. બી.જે. જાગાણી | ૫૩ |
| સ્વર્ગારોહણ ખાતે નેત્રયજ્ઞ | રાજુભાઇ જાની | ૫૯ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# માનવ જીવન

—યોગેશ્વરજી

દિલ્હીનું સ્ટેશન કેટલું બધું મોટું છે? ત્યાંથી કેટલી બધી ગાડીઓ ઉપડે છે? ઉત્તરમાં અમૃતસર, પઠાનકોટ, સીમલા તરફ જવું હોય તો પણ ત્યાંથી જવાય છે, હરિદ્વાર, ઋષિકેશ—બદરીનાથ તરફ આગળ વધાય છે, પશ્ચિમમાં મુંબઇ તરફ જવાય છે. પૂર્વમાં કલકત્તા અને આસામ તરફ પહોંચવા માટે હાવરા એક્સપ્રેસ અને આસામ મેલ મળે છે, તો દક્ષિણમાં છેક નીચે મદ્રાસ, બેંગલોર, તથા કન્યાકુમારી જવાની ગાડી પણ મળે છે. ત્યાંથી મધ્યભારતમાં પણ ઇચ્છાનુસાર સ્થળે જઇ શકાય છે, અને ક્યાંય ના જવું હોય તો પ્લેટફોર્મ પર બેસી શકાય છે, અથવા પાછા ઘેર સ્વસ્થાને પહોંચી શકાય છે.

માનવજીવન એવું મહાન વિશાળ જંકશન છે. એમાં પ્રવેશીને માનવશરીરના પવિત્ર પ્રસિદ્ધ પ્લોટફોર્મ પર પહોંચીને ઉત્તરમાં જઇ શકાય. ઉર્ધ્વલોકની યાત્રા કરી શકાય. નીચે પણ જઇ શકાય. અધોગતિને પણ નોતરી શકાય. પશુપક્ષીવનસ્પતિની યોનિમાં પણ પ્રવેશી શકાય, અને ક્યાંય અન્યત્ર ના જવું હોય તો તો ''પુનરપિ મરણં, પુનરપિ જનનીજઠરે શયનમ્'' ઉક્તિ અનુસાર માનવશરીરને પુનઃ પુનઃ પામીને પ્રાકૃત ભોગાનુભવોમાં જ રહી શકાય. ક્યાં જવું છે, આગળ વધવું છે કે પાછળ પડવું છે, એનો વિચાર માનવે પોતે જ કરી લેવાનો છે અને તદનુસાર પુરુષાર્થને પ્રારંભવાનો છે. માનવ શરીર દેવોનેય દુર્લભ કહેવાય છે. સાધનોનું ધામ અને મોક્ષનું મંગલમય દિવ્ય દ્વાર મનાય છે. સર્વોત્તમ સૌભાગ્યથી



સાંપડેલું છે. એને મેળવીને આત્મોન્નતિની દૈવી દુનિયામાં આગળ વધીએ, સમુન્નતિ સાધીએ અને અન્યને માટે પણ ઉપયોગી બનીએ તો કેવું સારું? આપણે માનવ શરીરમાં આવીને એક નિર્ણયાત્મક સ્થળે ઊભા છીએ. જે તરફ જવું હશે તે તરફ જઇ શકાશે. સુખ કે દુઃખ, હર્ષ કે શોક, શાંતિ અથવા અશાંતિ, અભ્યુત્થાન અથવા અધઃપતન, જેની પણ પસંદગી કરીશું તેની પ્રાપ્તિ કરી શકાશે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે ''ઉદ્ધરેદાત્માનાત્માનમ્'' એટલે કે પોતાની જાતે પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. એ આદેશને અનુસ્મરીને માનવજીવનનો સમ્યક્ સદુપયોગ કરીને ઉત્તરોત્તર આગળ વધજો, પાછળ ના પડતા. નવજીવનને મેળવજો, એનાથી વંચિત ના બનતા.

માનવજીવન શાને માટે મલ્યું છે એનો વિચાર કરો. આ શરીર કેવળ ખાવા, પીવા, ભોગ ભોગવવા, ગમે તેવી પ્રવૃતિ કરવા, અને એક દિવસ અજ્ઞાત રીતે અદશ્ય થવા માટે મલ્યું છે? ના. એને મુક્તિનું મંગલ મંદિર દ્વાર કહ્યું છે. સાધનોનું ધામ ગણ્યું છે. એનો સમ્યક્ સદુપયોગ કરીને સુખી થવાય છે, શાંતિ પમાય છે, બંધનમુક્ત બનાય છે એ તો ખરું જ, પરંતુ સાથેસાથે અન્યને સુખી કરાય છે, શાંતિ અપાય છે, ક્લેશ—પરિતાપ—અજ્ઞાન—બંધનમાંથી મુક્તિ ધરાય છે. એની શક્યતા અને શક્તિ અનંત, અસાધારણ, ધાર્યા કરતાં પણ ઘણી મોટી છે. એને જે જેમતેમ ફગાવી દેશે તે પાછળથી પસ્તાશે. તો પણ કશું વળશે નહીં. માટે અત્યારથી જ ઊઠો. જાગો. ચેતો. એનો સદુપયોગ કરવાનો સંકલ્પ કરીને એની પૂર્તિના પ્રામાણિક પ્રયત્નમાં લાગી જાવ.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ જાન્યુઆરી–૨૦૧૧ અંક ૪**

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૮૬, કોટર્યકનગર, રાંદેરરોડ, સુરત.**

**તા.૮/૩/૮૨ સોમવાર**

સવારે પૂ.શ્રી સ્નાન કરી લે છે. વ્યાયામ પણ કરી લે છે. લેખનકાર્ય ચાલુ થઈ જાય છે. વચ્ચે દૂધ પી લે છે. સાડા અગિયારે પૂ.શ્રી ભોજનમાં દૂધીનો હલવો ને દૂધ લે છે.

મુલાકાત સમયે પૂ.શ્રી બાર વાગ્યે ઓરડાની બહાર આવે છે. મુલાકાતના ખંડમાં એક સોફા છે. એના ઉપર પૂ.શ્રી બેઠા છે. પાસે જ સર્વેશ્વરી નીચેની બેઠક પર બેસે છે.

આજે કપૂરાથી છ સાત બહેનો પૂ.શ્રીના દર્શને આવી છે. આજે પણ ઓરડો આખોયે થોડીવારમાં ભરાઈ જાય છે. એક વિદ્યાર્થી પૂ.શ્રીને પોતાના પ્રશ્નોનો કાગળ ધરે છે.

પ્રશ્નોનો કાગળ વાંચી પૂ.શ્રી કહેવા લાગે છે.



પૂ.શ્રીઃ– હાલતાં ચાલતાં જપ કરી શકાય, પણ એક આસન પર જપવું વધું સારું. એક આસન પર બેસીને જમો તેમ એક આસન પર જપો. ઓછામાં ઓછો ૧/૨ કલાક સવારે ને ૧/૨ કલાક સાંજે. માળા હોય તો તેનાથી જપો અને કોને જપવાનું તે તમારે જ નક્કી કરવાનું છે. અત્યાર સુધી શું કઈ જપતા જ ન હતા?

તે ભાઈઃ–કોઈવાર હરિ ૐ, કોઈવાર ૐ તત્સત્, હાલતા ચાલતાં બોલું છું. કોઈ એક મંત્ર ઉપર શ્રદ્ધા બેસતી નથી.

પૂ.શ્રીઃ–એ તો તમે જેમ જેમ વધુને વધુ જપ કરશો તેમ પછી શ્રદ્ધા આવશે. માળા રાખો છો?

તે ભાઈઃ–હા, પણ શ્વાસ સાથે જપ કરવાનો આનંદ આવે છે.

પૂ.શ્રીઃ–શ્વાસ પણ એક માળા જ છે ને! એટલે તમારે જપ તો કરવા જ છે. ખરૂને? પૂ.શ્રી પ્રશ્નના કાગળ ઉપર કોઈ એક મંત્ર લખી આપે છે. અને તે મંત્ર એકલા વાંચવા માટે બાજુના ઓરડામાં તે ભાઈને મોકલે છે.

તે કાગળ વાંચ્યા પછી એ ભાઈ પૂ.શ્રીને ફરી પ્રશ્ન પૂછે છેઃ–

પ્રશ્નઃ–સાંજે ભોજન કર્યા પછી જપ થાય?

પૂ.શ્રીઃ–હા. પણ ભોજન પછી તરત જપ કરશો તો આળશ આવશે. એક કલાક જવા દો પછી જપ કરો.

પ્રશ્નઃ–મંત્રનો જપ કરીએ તો સાથે કોઈ ભાવના કરવાની?

પૂ.શ્રીઃ–મંત્રની સાથે એવી ભાવના પ્રાર્થના કરવી. હે પ્રભુ તમે જ પરમશક્તિ છો. તમારી કૃપાનો વરસાદ વરસાવો.

અમારા દુઃખોનું, કષ્ટોનું તમે હરણ કરો. તમે જ એક માત્ર સત્ય છો. અમે તમને ઓળખી શકીએ તેવી શક્તિ આપો.

પ્રશ્નઃ—ધ્યાનમાં બેસતી વખતે હાથની મુદ્રા કેવી રાખવી?

પૂ.શ્રીઃ—(મુદ્રા બતાવે છે.)

પ્રશ્નઃ—દરેક મુદ્રાનો અભ્યાસ કરીને જાણી લેવાનું કે કઇ મુદ્રા ફાવે છે?

પૂ.શ્રીઃ—એવો અભ્યાસ કરવાનો સમય ક્યાં છે? એટલે એવો અભ્યાસ જેમણે કર્યો હોય તેવા પુરુષોને પૂછે ને તે જે કહે તેમાં શ્રદ્ધા રાખે અને પછી તેને જ વળગી રહે.

પ્રશ્નઃ—સાધનામાં સાધકે મૂંડન કરાવવું જરૂરી છે?

પૂ.શ્રીઃ—અહંકારનું મૂંડન કરવું જોઇએ. શંકરાચાર્યે પણ કહ્યું છે. જટા અથવા મૂંડી.

પ્રશ્નઃ—સાધક માટે શું જરૂરી છે?

પૂ.શ્રીઃ—તમારે માટે તમે જ આટલા વાળ રાખો છો તે બરાબર છે. તેને વધારવાની, ઘટાડવાની કે સાફ કરાવની જરૂર નથી.

પ્રશ્નઃ—આપ માતાજી સાથે વરસો સુધી રહ્યા તો માતાજી તો વરસોથી મુંડન કરાવતાં તો મુંડનના ફાયદા શા?

પૂ.શ્રીઃ—માતાજી વારંવાર કહેતાં કે હવે મારું જો ચાલે તો જે બાળવિધવા થાય છે તેમણે કદી પણ વાળ નહીં કઢાવવા. વાળ કઢાવવાની ક્રિયા તેઓને ઘણીવાર ગંદી પણ લાગતી. ઘણા હજામો ઘણા ગંદા હોય, ત્યારે માતાજીએ વાતનો ખૂબ કંટાળો આવતો.



પણ સ્ત્રીઓ માટે એ દેખીતો અન્યાય જ છે. પુરુષોએ કશું જ ન કરવાનું.

પ્રશ્નઃ—દાઢી કે મુંડન સાધનામાં શું કોઇ મહત્ત્વ ધરાવે છે?

પૂ.શ્રીઃ—લોકો પગે લાગે તે ફાયદો. ગામડામાં બાવો આવ્યો. બાવો આવ્યો એમ કહે બે ચાર કૂતરાઓ પાછળ પડે. બીજો શો ફાયદો?

પણ હિમાલયમાં સાધનો એવાં રાખવાં ને હજામો શોધવા એના કરતાં મુંડન કે જટા વધારતા હોય છે.

અમારા એક ઓળખીતા વૈદ્ય છે તે મસૂરી અમારી સાથે રહેવા આવેલા. તેમને દાઢી હતી. અમે ફરવા નીકળએ. અજાણ્યા એમને દાઢી જોઇને યોગેશ્વરજી માનીને પગે લાગે, બોલો, દાઢીનો એ ફાયદો. કપડાં પહેરવાનો આગ્રહ રાખવો જોઇએ.

પ્રશ્નઃ—દરરોજ સવારે ભગવદ્ગીતા કરતાં ગુરુગીતાનો પાઠ કરીએ તો?

પૂ.શ્રીઃ—બન્ને ગીતા જુદી છે. ભગવદ્ગીતાનો પાઠ તો કરીએ જ. ભારતીય સંસ્કૃતિનો એક માત્ર પ્રાણવાન ગ્રંથ ભગવદ્ગીતા છે. તે દરેક ભારતીયે વાંચવો જ જોઇએ. સંસ્કૃત ન આવડે તો ગુજરાતીમાં વાંચો.

ગુરુગીતા કોઇકવાર વાંચો. અઠવાડીએ એકવાર વાંચે.

પ્રશ્નોત્તરી પૂર્ણ થઇ. પ્રસાદ વિતરણ થઇ ગયું. સૌ વિદાય થયા. કપૂરાથી આવેલા બેનો સાથે થોડી વાતો કરી. પૂ.શ્રીએ આરામ કર્યો.

બપોરે મૌન અંગે વાતો થઈ. આજે સર્વેશ્વરી ને સોમવાર હોવાથી મૌન છે. પૂ.શ્રી કહેવા લાગ્યા.

હું પણ ગુરુવારે મૌન રાખવા માંડું, માત્ર પ્રવચન વખતે બોલું. અરે, વરસો સુધી મૌન રાખ્યું. જ્યારે જ્યારે ઉપવાસ ત્યારે ત્યારે મૌન રાખ્યું, પાણી પર ઉપવાસ હોય ને બીજી બાજુ માતાજી બન્નેવાર ભોજન બનાવે ને ભોજન કરી લે. મા વિરોધ ના કરે. ઉપવાસ પૂરા થાય તો પૂછે, જે કામ માટે ઉપવાસ કર્યા તે પૂરું થયું? કેવો સહકાર? એમ નહીં કહે કે હું પણ તમારી સાથે ઉપવાસ કરવા માંડું.

સાંજે પ્રવચનમાં જતાં પહેલાં પૂ.શ્રી માટે બે ત્રણ ધોતીયાં ખાદી ભંડારમાંથી મંગાવવામાં આવે છે, તે જુએ છે. બે ધોતીયાં પસંદ કરે છે.

આજે પાણી ચઢાવવાની મોટર ગોઠવવામાં આવે છે. એમાં સમય વધારે જાય છે. પ્રવચનમાં જવાનું દરરોજની જેમ બને છે. પ્રવચન બાદ હળવો નાસ્તો લઈ આરામ.

(ક્રમશઃ)

સાધના એટલે વધુ ને વધુ દિવ્યતા પ્રાપ્ત કરવી. ઈશ્વર જેવા થતા જવું. ઈશ્વરીય ગુણોમાં વૃદ્ધિ પામતા જવું એ સાધનાનું એક જરૂરી પાસું છે. આધ્યાત્મિક સાધનાનો એ એક મહત્ત્વનો ઉદ્દેશ છે.

—સ્વામી ચિદાનંદ સારસ્વતી



# Everyday, a Sunset

**Pooja Bhakta**

Van Vishram 2010 is taking place at a cottage in Peterborough whose backyard leads into a beautiful lake. Everyday, Maa asks us to sit and watch the sunset, The sun's radiat beauty lights up the entire world everyday like clockwork. Being in the presence of Maa and witnessing the sunset everyday has truly been a priceless experience for me.

The sunsets  of Peterborough were like nothing I have ever seen before. Like these sunset, Maa has continuously shed her light for children allowing them to chose the correct path to walk on. Everyday there were different colors in the sky. No two sunset were ever the same. Similarly, when has any experience with Maa ever been like previous? Maa is constantly teaching us new lessons, showing us new paths, and remodeling our old views. Last year when I attended Van Vishram in Peterbrough, my exprience was completely different from this year. That's just the beauty of knowing Maa and being with her. You will never get bored or feel

as if you already know what she is telling you–there is always something new to learn, different approaches to viewing things, and new experience to gain.

Just as we see a new beauty in the each sunset every evening, I recognized the uniqueness of each experience with Maa. Every day, every moment with Maa is an opportunity to learn and grow. However, we all need that slight nudge to go and experience the beauty that is constantly surrounding us. For example, I probably would not have throught to sit on the deck and watch the sun set every evening. I would have seen it a day or two, appreciated it, and forgotten or thought it not important to see it everyday. However, everyday without fail, Maa would stop Prathna, her own Jaap, or anything we may be doing to tell us to go and see the sun set. Without that small nudge, I would not have thought to witness the sun set every evening. Of course we are always thanking Maa for the big thing in life, but it is important to open our eyes to all the small ways she takes care of us too. Just as the sun lights up the en-



tire world and gives us the day, Maa is always shedding light on simple things–and the more important–everyday.

Along with the sunset, a family of ducks would visit the Van Vishram site daily. Never having lived near a body of water, the only ducks I had ever seen were at the zoo. This was the first time was able to see them in their natural habitat. Everyday a line of ducklings, headed in the front end by a parent, would come to feed on the backyard lawn. Like any parents, these ducks were worried for their children's protection, so they put themselves at the front to lead them in the right path and at the end to make sure they were all following. Similarly, Maa has surrounded us with herself. She is in the front of the line. leading us in the right direction. At the same time, she is at the end of the line making sure we have not trailed off the path and are still following her. The ducklings blindly follow their parents and are constantly, given shelter and food. Likewise, being in Maa's path has only brought good. Following Maa has never–and–never will–result in anything bad. Sometimes,

we'd see some more adults scattered beween the lines of ducks. In this same manner Maa is always calling us to her reinforce her previously instilled thoughts. She knows we are naive little ducklings and will need the proper guidance in order to refrain from staying away. Another thing about the ducks was that there were always more and more ducklings as each day went by. I counted around 25 ducklings the first day, the third or fourth day there were about 32, and on the last evening I counted 37.

Notice the number did not get smaller. This perfectly relates to Maa's ability to attract and keep people on the path she laid out for us. People never leave Maa–only more and more people come and join.

Times spent with Maa are always unique, amazing, and priceless. Each experience is different from the last and nobody ever wants to leave. I am ever so grateful to be a small duckling following the path of Maa and being able to witness her great sunset as often as possible.

**Puja Bhakta**

**June 2010.**



# Van Vishram

**Dinaben, LA**

Aum Maa Prabhu Pranam

May 16–21

Van Vishram 2010

Shanti! Shanti! Shanti! Where would we find shanti like this at Van Vishram. A place where you hardly get to see anybody around. In Van Vishram with Pujya Maa's presence and spiritual vibrations who would want to be anywhere else. The quiet atmosphere the still waters and Pujya Maa's presence. Everything is so still, nothing moves nor does time. There is only time, time, and time to do nothing but sadhana.

Sadhana at Van Vishram is a means to release all our worldly stress. Even if our thoughts bring us back to our daily lives, we have the ability to forget them. Doing sadhana by waterfront is like bathing in the Ganga River and washing away our sins. In this instance it is Pujya Maa who is helping us wash our sins with sadhana.

The light reflecting off the water is like towards your sadhana that you carry with you al-

ways. The waves comeing and going are like the ups and downs in our lives, but we must not let that affect our sadhana. Walks in the quiet with nature's music around us, makes you want to just be still sing within yourself. Just be in the quiet and stillness of the Van vishram makes you want to hold onto you mind's peace and forget any other presence in your life.

Pujya Maa has made this possible and memorable for me so I would really like to thank Pujya Maa from the bottom of my heart.

Your daughter & friend,

Dina LA


શરીરની શુદ્ધિ જરૂરી છે, કિંતુ તેના કરતાં પણ મનની શુદ્ધિ કે પવિત્રતા પ્રભુના પંથે જવામાં વધુ આવશ્યક મનાઈ છે. **—યોગેશ્વરજી**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪




# જન્મોત્સવની ત્રિવેણી

**જ્યોત્સનાબહેન ત્રિવેદી**

કેટલાક દિવસોનું એક અદકું ને આગવું મહત્ત્વ હોય છે. એ જાય ન જાય ત્યાં વળી પાછા આપણે તેની આવવાની રાહ જોવા લાગીએ છીએ. એવો જ એક યોગેશ્વર પરિવારનો વિશિષ્ટ દિન છે. ૧૩મી નવેમ્બર. પૃથ્વી પટે વસતાં સર્વ સાધક ભાઈ બહેનો, વડીલોને બાળકો સહુ આ દિવસને વિશિષ્ટ રીતે નિયમોથી, પ્રભુસ્મરણથી અને સાધનાથી સજાવે છે, આનંદથી ઉજવે છે.

આ વર્ષે પણ શ્રી શ્રી મા સ્વર્ગારોહણમાં ઉપસ્થિત હતાં. સહુના આનંદનો પાર ન હતો. માને પણ તે દિવસ ઉજવવો હતો, પણ માનવ હૈયાની હાશ લઈને, જીવતા દેવોની પૂજા કરીને.

આજે સાઈકલ યાત્રી બેનોનું સત્કર્મ હતું. પૂ.માની સિંહણ બાળાઓને એક આવાહન હતું. મા સ્વયં પણ પરાક્રમી છે અને તેમને સાહસિક અને પરાક્રમી બાળકો ખૂબ ગમે. તેથી તેને વધાવે પણ છે અને પ્રોત્સાહિત પણ કરે છે. આથી સહુ યુવાન દીકરીઓ આ જન્મદિવસને ઉજવવા થનગની રહી છે. અંબાજી વિસ્તારના આસપાસ ૧૦૮ જેટલા લાભાર્થી ભાઈબહેનો આપણી હૂંફના હકદાર બનવા આવી પહોંચ્યાં છે. આ બહેનોને ગરમ ધાબળા, ટુવાલ, શેતરંજી વાસણ, ચવાણું, બીસ્કીટ, બુંદી, રોકડ રકમ રૂા.૧૦૦ અને ૨૦ કી. અનાજ અને ૫ કી. કઠોળ. શ્રી વિજયભાઈ કનેરીયા તરફથી ચીકીનો પ્રસાદ. પૂ.માનો આદર્શ તો મારું જીવન અંજલિ થાજો! તે જ છે. અને તે માત્ર શબ્દો બોલીને નહીં, પરંતુ જીવનમાં તેનું પ્રત્યક્ષ આચરણ કરીને.

આજે નાના બાળકો પણ પોતાની રીતે રાધાકૃષ્ણ અને બીજાં બાળ નૃત્યો કરી પૂ.શ્રી માને પ્રસન્ન કરી દે છે. મા પોતાની આગવી રીતે વેશભૂષા ધારણ કરેલાં વસ્ત્રો અને આભૂષણો માગી બાળકોને મૂંઝવી દે છે. આ દશ્ય ખૂબ પ્રેક્ષણીય બની રહે છે.

આજના જન્મદિનની વિશેષતા એ છે કે પૂ.માના પરિવારનાં મોટા બહેન શ્રી શારદાબહેન તથા શ્રી રમેશભાઇ, તથા તેમના પુત્ર શ્રી જગદીપભાઇ ને તેમનાં પત્ની શ્રી નયનાબહેન ઉપરાંત દીકરી શ્રી ભારતીબહેન વળી બીજા મોટાંબહેન શ્રીસુશીલાબહેન સહુ અમેરિકાથી ખાસ અત્રે આવ્યાં છે. આથી આ પરિવાર પૂ.માનું હાર, ફુલની કલગી તેમજ ચૂંદડી ઓઢાડી, અક્ષત ચંદનથી પૂજન કરે છે. તો પૂ.શ્રીમા પૂર્ણ વિનમ્રતાથી આ વડીલોને પ્રણામ કરી આશીષ મેળવે છે.

પ્રસંગોચિત્ત વક્તવ્યોમાં પૂ.શ્રી નારાયણભાઇ જાની જણાવે છે કે આજના આ પર્વની અને વર્ષની એ વિશિષ્ટતા છે કે આ વર્ષે પૂ.શ્રીમાએ પોતાના ૧૩ કરોડ જપ પૂર્ણ કર્યા છે. જન્મોત્સવની ઉજવણી કોઇની હાશ લઇને કરી છે. કેક કાપી, પાર્ટીઓ યોજીને નહીં, પણ કોઇકને ઉપયોગી થઇને. પ્રસંગો ઉજવવાની સાચી રીત આપણને દર્શાવી છે. ૨૫ વર્ષ પહેલાં અલ્પ મૂડીથી આ બંજર જમીન પર એક મહાપુરુષનો સંકલ્પ પૂ.માએ અથાગ પરિશ્રમ કરી આવા સુંદર સ્વર્ગારોહણનું નિર્માણ કરી સાકાર કર્યો છે.

શ્રીમતી તરલા બહેન દેસાઇએ પણ જણાવ્યું કે પૂ.મા તો આત્મસ્વરૂપા છે. પૂ.શ્રીયોગેશ્વરજીએ તેમનું દેવત્વ પોતાની હાજરીમાં સિદ્ધ કર્યું છે. આ એક વિરલ ઘટના છે.

આટલી બધી સિદ્ધિ હોવા છતાં પૂ.માની વિનમ્રતા કેટલી



બધી છે! આપણને કોઇ પૂછે કે ''મને કોને પરમેશ્વર કેવા હશે'' તો આજે આપણે પૂ.શ્રીમાને બતાવી શકીએ. ઈશ્વરના સર્વ ગુણો પૂ.શ્રીમામાં આપણને મૂર્તિમંત થયેલા દેખાય છે. એમના પ્રેમની તોલે જગતની કોઇ મૂલ્યવાન ચીજ આવી શકે તેમ નથી.

પ્રો.શ્રી દેસાઇ ભાઇ પૂ.શ્રીમાના પૂર્વાશ્રમના વિદ્યા ગુરુ હતા. સુરતના યોગ જ્યોત ગૌરવના કાર્યક્રમમાં પૂ.શ્રીમાએ તેમને કેવી રીતે શોધી કાઢ્યા, તેની વાત જણાવી. આપણે સહુ ઠેકઠેકાણે યાત્રાઓ ને દર્શન કરવા જઇએ, દોડદોડ કરીએ, પણ પૂ.શ્રીમાએ સ્થિર રહીને પોતાનું પ્રભુપ્રાપ્તિનું જીવન લક્ષ્ય કેવી સરસ રીતે પ્રાપ્ત કરી લીધું!

શ્રી જ્યોત્સનાબહેને પોતાના ટૂંકા વકતવ્યમાં કહ્યું કે પૂ.માએ ધર્મશાસ્ત્રો ખાસ વાંચ્યાં નથી, પણ જીવી બતાવ્યાં છે, જે સાચે જ અઘરું છે. પૂ.માએ કેટકેટલા ત્યાગ કર્યા છે. છવીસ વર્ષથી અન્નનો, ખાંડ ને મીઠાનો, તો વળી પંદરેક વર્ષથી વૈખરી વાણીનો ત્યાગ કરી મૌનવ્રત, કેવો સંયમ અને મનોબળ જોઇએ!

વળી ૧૩ કરોડ જપની સાધના અહીં નિર્માણ થતાં ભવનોના સતત થતા રહેતા મશીનોના અવાજ વચ્ચે સહેજ પણ કંટાળ્યા વગર કરી. અતિ ઉચ્ચ આધ્યાત્મિક શિખરો સર કર્યાં છે.

અંતમાં પૂ.માના કર્પુરવનના પરિવારના સભ્યોનો આભાર માની આ જન્મદિનની ઉજવણી પૂ.માની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં કરાઇ રહી હોવાની ખુશી વ્યક્ત કરી હતી.

આમ પૂ.માના જન્મદિન નિમિત્તે કેટલાક સાધકોએ પ્રણામ, કુટિયાની પ્રદક્ષિણા, જપ અને સ્તોત્ર પાઠના સંકલ્પો પૂરા કરી, ખુશી આનંદથી ઉજવાયો હતો.

## તંત્રીના ૯૨મા જન્મદિનની ઉજવણી

૨૨ નવેમ્બર, અધ્યાત્મના તંત્રી શ્રીનારાયણભાઇ જાનીનો ૯૨મો જન્મદિન સ્વર્ગારોહણ અંબાજી ખાતે પૂ.માની સંનિધિમાં ઉજવાયો. તે દિવસે તેમના પરિવારના સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ દિવસે પૂ.શ્રીમા પણ સવારની પ્રણામની બેઠકમાં પધાર્યાં ને તેઓની હાજરીમાંજ ઉજવણીનો પ્રારંભ થયો.

પ્રારંભમાં સ્વર્ગારોહણમાં ઉપસ્થિત ભાઇઓ અને બેનોએ પોતાની લાગણી વ્યક્ત કરતા પત્રો—પુષ્પો સાથે તેઓને અર્પણ કર્યાં. તો શ્રીનારાયણભાઇએ સહુની લાગણી અને પ્રેમના સ્વીકારના પ્રત્યુત્તરમાં આભાર ને આશીષ સાથે ચોકલેટ ને પુષ્પો પ્રસાદરૂપે આપ્યાં.

તે પછી તેઓની પૌત્રી શ્રી શ્રદ્ધા, દીકરી શ્રી જ્યોત્સના, પુત્ર વધુ ઉર્વશી વગેરેએ પુષ્પો, અને તિલક કરી ૐ યોગેશ્વર રક્ષમામ્‌ની શાલ ઓઢાડી, પુત્ર રાજુભાઇ જાની ને જમાઇ શ્રી ભરતકુમારે ફુલની કલગીઓથી અભિવાદન કર્યું.

શ્રીનારાયણભાઇએ પોતાના વક્તવ્યના પ્રારંભ પહેલાં પૂ.મા પ્રભુને પ્રણામ કર્યાં. પછી પૂ.શ્રી સાથેના વિદ્યાર્થીકાળનાં તેમજ પૂ.શ્રીની સાધના સમયના પ્રસંગો વર્ણાવ્યા કેવી કઠોર સાધના અનેક અભાવો વચ્ચે તેઓશ્રીએ એકાંતમાં રહી કરી. તેની વાતો કહી. પૂ.માતાજીએ પણ તેમને સાધનામાં સહયોગ ધર્યો, તેથી તેઓ તેમની સાધનાનાં સાક્ષી બની શક્યાં. પૂ.શ્રી સાથેની એકધારી મૈત્રી સરસ રીતે ટકી રહી તેમાં પત્ની સરસ્વતીનો ફાળો નાનોસૂનો ન હતો. તેમના સાથ અને સહકાર વગર આ



શક્ય ન બન્યું હોત.

પૂ.મા તેઓની આટલાં વર્ષો સુધીની એકધારી સેવા અને નિષ્ઠાને બીરદાવે છે.

શ્રીજ્યોત્સ્નાબહેન સુકૃતિના પત્રનું વાંચન કરે છે.

(શ્રીનારાયણભાઈને એમનાં સંતાનો ને પરિચિતો ‘કાકા’ તરીકે સંબોધે છે.)

તેનો મુખ્ય સૂર એ જ હતો કે દાદા તમે હતા તો મા અને પ્રભુ એમને મળ્યાં. તમે પણ નસીબદાર કે તમને પહેલાં પ્રભુ મળ્યા, પછી મા મળ્યાં, નહીંતર તમારું ને અમારું સહુનું જીવન કેવું હોત! તમારું યુવાનોને પણ શરમાવે તેવું સ્વાસ્થ્ય, નાની નાની બાબતોની કાળજી. કામ પ્રત્યેની નિષ્ઠા, નાની નાની વસ્તુઓની માવજત, અમારા જીવનમાં પણ ઉતરે એવી તમારી પાસે આશીષ માંગીએ છીએ. તમારા વગર અમારું અસ્તિત્ત્વ જ ન હોત એ માટે પણ અમે તમારાં ઋણી છીએ. ૯૨ વર્ષના વૃદ્ધ દાદા હોય તેની કેટલી સાર સંભાળ લેવી પડે, પણ તમે તો અમારી સંભાળ લો તેવા સક્ષમ છો. જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા.

પૌત્રી શ્રદ્ધા કહે છે કે દાદા અમારા પરિવારનો Binding Force છે મારા મિત્રોને નવાઇ લાગે છે કે દાદા અમારામાં આટલો રસ લે છે. શું ખાઇએ છીએ, પીએ છીએ, ક્યાં કેવી રીતે રહીએ છીએ, કામ કરીએ છીએ એ બધી વાતની દાદા કાળજી કરે છે. અધ્યાત્મની તેમની સેવા દાદ માગી લે છે. પ્રભુ તેમને દીર્ઘ અને સ્વસ્થ આયુષ્ય આપે તેવી પ્રાર્થના કરે છે. ૧૧ની બેઠકમાં પરિવાર દ્વારા બતાવેલી D.V.D પૂ.મા પણ નિહાળે છે. અને તેમને જન્મદિને પૂ.શ્રીમાના શ્રીચરણે ધરેલો

લક્ષ્મીનો પ્રસાદ પૂ.શ્રી કાકાને પરત કરાવી એક વિદ્યાર્થીને સહાય રૂપે દાન કરાવે છે.

ભાઇ પિનાકીન તુરતમાં જ તેના દોહિત્રના જન્મપ્રસંગે થયેલી માની કૃપાનો સજળ નેત્રે ઋણ સ્વીકાર કરે છે. કાકાનો પ્રેમાળ ઉષ્મા ભર્યો સ્વભાવ, જીવનની દરેક મુંઝવણોમાં પણ પ્રત્યેક રીતની સહાય અને સંતોષ ભર્યું જીવન આ બધું કાકાની જ કૃપા પ્રસાદી છે.

શ્રી રાજુભાઇ કાકાનાં વિવિધ સાહસોની વાત કરે છે. એમના સંતોષ અને સાદગી ભર્યા જીવનની પોઝીટીવ એટીટ્યુડની વાત કરે છે. દાંપત્ય જીવનમાં પણ કંઇ ભૂલ છોકરાઓ કરતા જુએ. તો તે સુધારે છે. એમના પ્રણામ અને પૂજા વારસામાં મળ્યાં છે પણ તેમના જેવી નિયમિત કસરત નથી કરતા.

જ્યોત્સ્ના બહેન કાકાના જીવનના વિવિધ સંઘર્ષો સંતોષ ભર્યું જીવન ટૂંકી આવકમાંથી પણ બીજા અને હાથ નીચેના સ્ટાફને સતત મદદ કરી. કદી ખોટા પૈસા ન લેવાની કાળજી રાખી, જીવન સતત નિષ્ઠા ભર્યું. સત્યનો હંમેશા આગ્રહ મા પ્રભુમાં પણ સતત નિષ્ઠા જીવનનું બીજે ક્યાંય અવલંબન નહીં માંદગીના બિછાને પણ અધ્યાત્મની સેવા વિવિધ વાતો કરી પૂ.શ્રીમા બધી જ બેઠકોમાં હાજરી આપે છે. વિવિધ રીતે અભિવાદન કરે છે અને કરાવે છે. તેમના જ પ્રેમનો અભિષેક સતત મા કરતાં જ રહે છે.

કાકા પણ સહુનો ઋણ સ્વીકાર કરે છે. તેઓની ચોથી પેઢી સુધી સહુ માના જ શરણે છે તેનો સંતોષ વ્યક્ત કરે છે. પૂ.શ્રીમાની હાજરીથી હર્યો ભર્યો દિવસ વીતે છે. મનની માવજત કેવી રીતે થાય તેનો સુંદર પદાર્થ પાઠ ભણાવે છે. કાકાને ૧૦૮



વર્ષ જીવો એવા આશીર્વાદ આપે છે. જન્મદિન નિમિત્તે મિષ્ટાન્ન ભોજનનો ખર્ચ ચિ.મૈત્રેયીએ આપ્યો છે.

### ૨૩ નવેમ્બર કારતક વદ-૨

આજે તિથિ પ્રમાણે પૂ.શ્રીમાનો જન્મદિવસ છે. પૂ.શ્રીમા Surpriseનાં શોખીન છે. આજે બાળકો પણ કંઇક તેનું અનુસરણ કરી રહ્યાં છે તે માત્ર માની પ્રસન્નતા માટે જ છે.

સ્વર્ગારોહણની આજની પ્રભાત યાત્રામાં નાવીન્ય છે. આજે બાળકો તૈયાર થઇને પૂ.શ્રીમાના નિવાસ સ્થાનના પગથિયે પગથિયે દીપ પ્રગટાવે છે ઝરૂખામાં પણ દીપમાળ મૂકે છે. અને પંડિતજી તેના સુમધુર કંઠે પ્રભાતિયાનું ગાન કરે છે. સહુ બહેનો તેમા સૂર પુરાવી એક સુંદર વાતાવરણનું નિર્માણ કરે છે. પૂ.શ્રીમા જપ યાત્રા માટે પધારે છે અને સહુને જોઇ પ્રસન્નતા અનુભવે છે પછી આશીર્વાદ પણ મોકલે છે.

પનામાવાળાં શ્રી ગુલાબબહેન ભક્તે ચંદન ને અક્ષત વડે શ્રી શ્રી માનું પૂજન કર્યું. શ્રી રંજનબહેન તેમજ શ્રી ઘનશ્યામ દેસાઇએ પૂ.માને ચુંદડી ઓઢાડી વંદન કર્યાં. તો બીજાં બહેનોએ પૂ.માના ચરણ કમળે પુષ્પ કલગીઓ ધરી પૂ.માની વંદના કરી.

પૂ.મા બપોરની બેઠકમાં પધારે છે, ત્યારે ઘણા થોડા સમયમાં પૂ.માના સ્વાગત માટે હોલનું સરસ મજાનું સુશોભન જોઇ પ્રસન્નતા અનુભવે છે નાની મોટી સહુ બહેનોનો તેમાં ફાળો રહ્યો છે.

ફૂલની રંગોળીથી ૯૮ વર્ષ લખી તેની આસપાસ દાવડા ગોઠવી એક નયન રમ્ય દશ્ય ખડું કર્યું છે. પંડિતજી તેમના સુમધુર કંઠે પૂ.શ્રીમાને વિવિધ પ્રાર્થના કરે છે. તેના સંસ્કૃત શ્લોકો ગાય છે પદો ગાય છે એક નવું જ પવિત્ર વાતાવરણ સર્જાય છે. સહુ તેમાં ગળાડૂબ મગ્ન છે.

હોલમાં લાઈટો બંધ કરી પૂ.શ્રી મા પ્રભુની દીવડા લઈ આરતી ઉતારવામાં આવે છે. દૃશ્ય ખૂબ સરસ છે પૂ.શ્રીમા પણ પ્રભુની પ્રાર્થના કરી આરતી ઉતારે છે. સ્વર્ગારોહણ જાણે સ્વર્ગ જેવું બની રહે છે.

પંડિતજી વડોદરાથી શ્રી યતીનભાઈ ભાવસારને બોલાવી રાખે છે જેઓ M.S.U માં નૃત્યનું શિક્ષણ આપે છે પોતે ખૂબ સારા નૃત્યકાર છે. કોર્મસના વિદ્યાર્થી હોવા છતાં આ કળામાં તેમણે નિપુણતા મેળવી છે તેમનું માનવું છે કે તેમને શ્રી કીર્તિ અને પ્રભુ આ માર્ગે જ મળશે. તે પોતાનું સદ્‌ભાગ્ય માને છે કે તેમને પૂ.શ્રીમાની સમક્ષ પોતાની કલા બતાવવાનો મોકો મળે છે.

તેમણે રાજસ્થાનની શૈલી, શ્રી રામચંદ્ર કૃપાળું ભજમન, વૈષ્ણવ જન, જુદાં જુદા ભક્તિ ગીત મયૂર નૃત્ય વગેર કરી સહુને રસ તરબોળ કરી દીધાં. ખરેખર ખૂબ સરસ નૃત્યો હતાં.

ત્યાર પછી પંડિતજી સહુને ગરબે ઘૂમાવી સાધકો અને મા સહુને પ્રસન્ન કરી દે છે. ખૂબ મન મૂકીને સહુ નાચ્યાં. મા પણ બાળકોના પ્રેમથી તરબોળ થઈ ગયાં, લગભગ સાડા ત્રણ કલાક દુનિયા અને દેહ બધું જ ભુલાઈ ગયું!

શ્રી કલ્યાણે માનો મન ભરીને મહિમા ગાયો. પ્રસંગોનું રસપાન કરાવ્યું. અને માનું મહાત્મ્ય સમજાવ્યું.

સ્વર્ગારોહણે ત્રણ જન્મોત્સવની મોસમ માણી. નિર્દોષ અને બીન ખર્ચાળ, આનંદ, પ્રસન્નતાનો સહુએ અનુભવ કર્યો. પૂ.શ્રીમાની ઉપસ્થિતિની જીવંતતા માણી સહુ જાણે ધ્યાન મગ્ન બની ગયા. અને વૃંદાવનની રાસ લીલાનો સાક્ષાત્કાર પામી રહ્યા એવું લાગ્યું. મા ખૂબ ખૂબ આભાર.

હે મા! આપની પ્રત્યક્ષ ઉપસ્થિતિથી જ આ શક્ય બન્યું.



# માનસિક શાંતિ

—નારાયણ હ. જાની

તમારે શું ખરેખર માનસિક શાંતિ જોઈએ છે? જો તેનો ઉત્તર 'હા'માં હોય તો નીચેની વાતોમાંથી થોડીનો પણ અમલ કરશો તો તમને તેટલા પ્રમાણમાં માનસિક શાંતિ અવશ્ય મળી રહેશે.

સૌથી પહેલી વાત છે. પારકી પંચાત કરશો નહીં. બીજાઓ શું કરે છે કે કહે છે, તે પ્રત્યે ધ્યાન આપીને તમારો સમય ને વિચારશક્તિ વેડફશો નહીં. તમારી જવાબદારી તમારી જાત પ્રત્યે છે. તેને પ્રામાણિક રહેશો, તો જીવનમાં અશાંતિ માટેનું કોઈ કારણ રહેશે નહીં.

ભગવાન જે વખતે જે પરિસ્થિતિમાં મૂકે, તેનો સહજભાવે સ્વીકાર કરો. તેનો અસ્વીકાર કરી મનમાં સંઘર્ષ પેદા ના કરતા. એ વાતમાં વિશ્વાસ રાખો કે તમે જે જોઈ શકો છો, તેના કરતાં ભગવાન ઘણું વધારે જોઈ ને જાણી શકે છે, એટલે તમારે માટે તેણે જે કર્યું તેમાં તમારું હિત જ હશે, કારણ કે ભગવાન કદી કોઈનું અહિત કરતા નથી, તે સિદ્ધાંતમાં વિશ્વાસ રાખો.

વધારે પડતી કામનાઓ, ઈચ્છાઓ, અપેક્ષાઓ કે માગણીઓ દુઃખનું કારણ બને છે એટલે જીવનની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખો. જરૂરિયાતો વધવાથી ભિખારી બનશો, પરંતુ જો તે ઘટાડશો તો રાજા બનશો. એથી જ કહેવાયું છે કે જેની જરૂરિયાતો ઓછી એ સૌથી મોટો ધનવાન He is the richest who has few wants.

જીવનમાં માનસિક અશાંતિનું બીજું કારણ બનતું હોય તો તે મમત્વની ભાવના છે. આ મારું છે, મારી માલિકીનું છે ને હું જ તેનો ઉપયોગ કેવળ મારા કે મારા પરિવાર માટે કરવાને મુક્ત છું. એ વાત સાચી છે કે આજે તમારી પાસે જે છે, તે તમારા ભાગ્યને કારણે છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે એક વિચારવન્ત મનુષ્યના નાતે તમે એકલા જ તેના માલિક બની રહો. સાચું પૂછો તો બધું જ ભગવાનનું છે. તમે તો ફક્ત તેના ટ્રસ્ટી માત્ર છો. એટલે એક જવાબદાર ટ્રસ્ટીને નાતે, આવશ્યકતા પ્રમાણે વિવેક વાપરી તેનો ઉપભોગ કરો. તેના માલિક બની તેને જેમ તેમ વેડફો નહીં.

થોડા વખત પહેલો અમે ભારતના એક ધનિક ઉદ્યોગપતિ વિષે વાંચ્યું કે તેમનો પરિવાર ચાર માણસનો છે. તેમને રહેવાના મકાનના વીસ કરતાં વધારે માળ છે. તેમાં ૫૦૦ કરતાં વધુ નોકરો છે. તેમના મકાનની વિજળીનું બીલ માસિક કેટલાય લાખનું આવે છે. કેટલીય મોટરો છે. પોતાના ઘરના ઉપરના ભાગમાં હેલિકોપટર ઉતરે તેવી સુવિધા છે. ઘરની પત્નીને જન્મદિને કરોડોનું અલગ વિમાન ભેટ આપેલ છે.

હવે તમે વિચારો કે તમારી ને મારી જેમ તેઓ પણ બે ચાર રોટલી જ ખાઈ શકતા હશે. થોડા દાળ, ભાત, શાક કે ચટણી અથાણાં કે પાપડ. થોડી મિઠાઈ. પેટમાં માય કેટલું? ભગવાને આ પેટની રચના જ એવી કરી છે કે ઘણા દિવસો માટેનું એક સાથે ખાય ને સંગ્રહ કરી શકાતું નથી. તેની એક મર્યાદા રાખી છે.

પરંતુ મને ખાત્રી છે કે ભલે તે જીમ કરે, પરંતુ શરીર તંદુરસ્ત રાખવા માટેનો જરૂરી રચનાત્મક પરિશ્રમને તેમાં સ્થાન



નથી. એટલે જેટલું ખાય તેટલું પચાવવા માટે કોઈક ઉપાય તો કરવા પડતા હશે, દવાઓ કે ઔષધિઓ લેવી પડતી હશે.

ઘણા બહોળા વ્યવસાયને લીધે કેટલી બધી વ્યસ્તતા રહેતી હશે? શું એમને માનસિક શાંતિ હશે? કદી નહીં. કારણ સંગ્રહથી શાંતિ હણાય છે, તો અતિસંગ્રહથી શાંતિ સો જોજન દૂર વહી જાય છે. સાથે સાથે શરીરના ફીટનેશની પણ ચિંતા હોય છે, એટલે ખાતા પહેલાં પોતાના Dietician ડાયેટીશીઅનને, (ભોજન માટેના સલાહકાર) પૂછવું પડે કે અત્યારે ભૂખ લાગી છે, તો શું ખાઉં? તો તે ડાયેટીશન કહે કે તમે આજે મિટિંગમાં જે ખાધું છે, તે કેલેરીની દૃષ્ટિએ પૂરતું છે. એટલે ખોરાક ખાવાના બદલે એકાદ સંતરું કે એપલ(સફરજન) ખાઈને સૂઈ જાઓ. નહીં તો ગ્લાસ પાણી પીને સૂઈ જશો તોપણ ચાલશે. આવા મોટા માણસની ખાવામાં આપણા જેવી સ્વતંત્રતાય નહીં, તો એ અબજોના અબજોની સંપત્તિનો શો અર્થ?

આ લખવા પાછળ કોઈની ટીકા કરવાનો આશય નથી. અહીં તો એ દર્શાવવા માટે વિગતો આપી છે કે વધુ પડતી સંપત્તિ સ્વકેન્દ્રિત થાય તો માણસ વધુ પડતો ભોગ પરાયણ બની જાય છે. તો સામે પક્ષે અમે એવા પણ ઉદ્યોગપતિ જોયા છે કે જેઓ અતિ વૈભવી બંગલાના માલિક બની શકે એટલી મોટી આર્થિક ક્ષમતા ધરાવતા હોય, છતાં માત્ર ત્રણ—ચાર રૂમના ફ્લેટમાં જ રહેતા હોય, અને સાદગીભરી રીતે જીવન જીવતા હોય.

કહેવાની વાત એટલી છે કે ગમે તેટલી સંપત્તિ મળતી રહે છતાં કેટલાક માણસોને કદી તૃપ્તિ કે સંતોષ થતો નથી. न वित्तेन तर्पणियो मनुष्यो।

માટે માનસિક શાંતિ ખાતર એવી જ બીજી ત્યજવાની વાત છે અહંકારને. અહીં અહંકારનો અર્થ ગર્વ થતો નથી, પરંતુ મેં કર્યું કે હું કરું છું, મારાથી જ થાય છે, એવો ભાવ છે, જેને અહંભાવ કહેવાય. જ્યાં અહંભાવ હોય ત્યાં અહંકાર—ગર્વરૂપે આવી જ જાય. એટલે એ વ્યક્તિ કર્તા બને, ને પરિણામે કર્મફળનો ભોક્તા પણ બને. તેથી કર્મફળના ચક્કરમાં ફસાયેલો માણસ કદી માનસિક શાંતિ કે સુખનો અનુભવ શી રીતે કરી શકે? તેથી જ ગીતામાં શ્રી ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે न शांति आत्मनोति कामवगमी।

તો પછી શાંતિ કોને મળે?

**विहाय कामान यः सर्वान्**
**पुमान् चरति निष्पृहः ।**
**निर्ममो निरंहकारः**
**सः शांति मधिगच्छति ॥**

તે જ શાંતિને મેળવે, તૃષ્ણા ના જેને,
અહંકાર, મમતા ત્યજે, શાંતિ મળે તેને.

એટલે દરેક માણસ જેને શાંતિ મેળવવાની ઇચ્છા હોય તેણે ઉપર કહેલી શરતો પાળવી જ રહી. તે માટે બીજો કોઈ શોર્ટકટ નથી. રોજ સવારે ઉઠતાં જ પોતાની જાતને પૂછી લેવાનું કે ઉપરોક્ત ચાર—પાંચ વાતોમાંથી કેટલામાંથી તે મુક્ત થયો છે. જો એની જાગૃતિ હશે તો એક દિવસ એ માર્ગે જવાશે. પરંતુ જો જાગૃતિ કે વિચારણા જ નહીં હોય, તો શાંતિ કે સાચા આત્મિક સુખની આશા અસંભવિત માનજો.



# સ્વામી રામદાસની સ્વિટ્ઝર્લેન્ડની યાત્રા

સ્વામી રામદાસ

## ઈશુ અને બીજા સંતો વચ્ચે ફેર

સ્વિટ્ઝર્લેન્ડના બ્રોક ગામમાં આવેલા એક મઠના જાણીતા અધ્યક્ષ ફાધર ડોમ બરાસને મળવા માટે એક દિવસે જીન હર્બટે અમને સૂચના કરી. તેમને ત્યાં રામદાસને મળેલા પાદરી કોનસની સૂચનાથી જીન હર્બટને આ વિચાર આવ્યો હતો. ફાધર ડોમ બરાસ ખુલ્લા દિલના હતા અને આધ્યાત્મિક માર્ગે થતા સામાન્ય અનુભવો વિષેના રામદાસના વિચારો તેમને ગમ્યા. તેમાંની થોડી માહિતી નીચે આપી છે, તે ઉપરથી કેવા પ્રશ્નો ઉપર અમારે વાત થઈ હતી તે જણાશે.

**ફાધરઃ—**મનુષ્ય દેહમાં પૂરેપૂરી પવિત્રતા સંભવિત છે?

**રામદાસઃ—**હા, જ્યારે સતત સ્મરણ અને ધ્યાન દ્વારા મન સંપૂર્ણ રીતે ઈશ્વરમાં લીન બને ત્યારે થઈ શકે છે. અપરિવર્તનશીલ અને નિરાકાર આ સ્થિતિ ચિત્તને નિકૃષ્ટ કામનામાંથી હઠાવી ઈશ્વરના સ્થિર, શાશ્વત અને નિરાકાર સ્વરૂપ તરફ લઈ જાય છે. દેહ, મન અને ઇન્દ્રિયો વિષેના સંપૂર્ણ ભાનમાંથી તેમજ તેમના જગત સાથેના સર્વ વ્યવહારોમાંથી વૃત્તિઓને સંકેલી લેતાં જે સમાધિ કહે છે. આ પ્રકારની સમાધિના અનુભવ પછી મનુષ્યની કામના—માત્રનો નાશ થાય છે અને ત્યાર પછી નિર્વિકલ્પ સમાધિમાં અનુભવેલ સત્ય તેને આખા વિશ્વમાં વ્યાપક સ્વરૂપે દેખાય છે.

**ફાધરઃ—**લોકો કહે છે કે આખી કુદરત, આ ચલાયમાન

જગત ઈશ્વરનો આવિર્ભાવ છે; અને છતાં સત્યના અચલ સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ તેમને થયો હોતો નથી. આ કેમ બની શકે?

**રામદાસઃ—**ન જ બને. જ્યાં સુધી બ્રહ્મનો અનુભવ થતો નથી ત્યાં સુધી જગત ઈશ્વરના આવિર્ભાવ રૂપે જોઇ શકાતું નથી.

**ફાધરઃ—**તો પછી આ વાતો કરનારા કેવળ આવેશથી પ્રેરાઇ આમ કહેતા હશે?

**રામદાસઃ—**હા.

**ફાધરઃ—**આપના અને ખ્રિસ્તી ધર્મમાં થઇ ગયેલા મોટા અગમ્યવાદી સંત જ્હોનના અનુભવો એકબીજા સાથે બરાબર મળતા આવે છે, તે જાણી ફાધર કોનસને ખૂબ આનંદ આવે છે. આપને આથી વધારે અભિનંદન તેઓ શું આપી શકે?

**જીન હર્બટઃ—**ઈશુ ઈશ્વરના અવતાર હતા એમ મનાય છે તો પછી બીજા સંતો અને ઈશુમાં ફેર શો?

**ફાધરઃ—**ઈશુ ઈશ્વરના અવતાર હતા એમ મનાય છે તો પછી બીજા સંતો અને ઈશુમાં ફેર શો?

**રામદાસઃ—**આ તો એના જેવું છે—એક કૂવાનું પાણી અને બીજુ નદીમાં રેલ આવી હોય તેનું પાણી. કૂવાના પાણીનો ઉપયોગ કૂવાની આસપાસ રહેતા થોડા માણસો કરે છે જ્યારે રેલથી ઊભરાતી નદીનાં જળ ઘણા મોટા પ્રદેશમાં ફેલાઇ વધારે લોકોને તેનો લાભ મળે છે. આમ સંતો કૂવાના જળ સમાન છે. જ્યારે ઈશુ જેવા અવતારી પુરુષો રેલથી ઊભરાતી નદીના જળ સમાન છે.



**ફાધરઃ—**તો પછી પ્રમાણનો જ ફેર રહ્યો ને?

**રામદાસઃ—**હા. આ તો પ્રમાણમાં જ ફેર, ગુણમાં નહીં.

### એક મઠની મુલાકાતે

ઉપર કહ્યા મુજબની સૂચના—અનુસાર એક સુંદર પ્રભાતે અમે, જીન હર્બર્ટ તથા ફાધર કોનસ સાથે પેલા મઠ પર જવા નીકળ્યાં. આ મઠ જીનીવાથી આશરે દોઢસો માઇલ દૂર હતો. માર્ગ ગામડામાંથી પસાર થતો હતો, એટલે દ્રાક્ષની વાડીઓ, ખેતરમાં અને ઘાસની ગંજીઓમાં કામ કરનારાઓનું સામાન્ય જીવન જોવાનો પ્રસંગ મળ્યો. વિપુલ સમૃદ્ધિવાળા વાતાવરણમાં સખત પરિશ્રમ કરતાં તેમનાં સાદાં ગ્રામ્યજીવન જોવાં એ દશ્ય ખૂબ જ મનોહર અને અદ્‌ભુત હતું. પાકી સડક ઉપરથી ઝડરભેર પસાર થતો મોટરમાંથી પહાડી ઢોળાવ ઉપરના ઊજળા માર્ગની બંને બાજુએ દ્રાક્ષની વિશાળ વાડીઓ અને સરખા અંતરે વાવેલાં વૃક્ષોની હાર રંગબેરંગી ભાત પાડતી જોતાં પ્રવાસના આનંદમાં કોઇ ઓર વધારો થતો હતો. આખરે કેટલાંયે દેવળ, વાડીઓ અને ભારતથી જુદા જ પ્રકારનાં ઝૂંપડાવાળાં ગામડામાંથી પસાર થતાં અમે તે મઠના દરવાજે પહોંચ્યાં.

બહારથી જોઇ શક્યાં કે નવા આવેલા શિષ્યો એકાંતમાં કડક સાધના કરી શકે તે માટે છૂટાં છૂટાં બાંધેલા મકાનોનો આ મઠ બનેલો હતો. પાછળથી અમને ખબર પડી કે આ સંસ્થાના નિયમો બહુ કડક હતા. બાંધી દડીના અને મુખ ઉપર આધ્યાત્મિક તેજવાળા એબટે પ્રેમ અને આતિથ્યભાવે અમારો સત્કાર કર્યો. તે અમને પ્રવેશદ્વાર આગળના ખંડમાં લઇ ગયા અને અમે જમ્યા ત્યાર પછી એબટે, તેમના સહાયકોએ તથા

ફાધર કોનસે રામદાસ સાથે ભગવદ્ અનુગ્રહ ઉપર વાતો કરી. તેઓએ રામદાસનું કથન અત્યંત ધ્યાનપૂર્વક સાંભળ્યું અને સંતોષ દર્શાવતાં તેમણે જણાવ્યું કે રામદાસનું કથન તેમના રોમન કેથોલિક ધર્મના સાધુઓના લખાણ સાથે અક્ષરશઃ મળતું આવે છે. તેમની સાથેની વાતોમાં રામદાસને પણ ખૂબ આનંદ થયો. તેમની સાથે જે વાર્તાલાપ થયો તેમાંથી કેટલાક મુદ્દાઓ અત્રે આપે છે.

**એબટ :** સર્વ પ્રકારે વાસના—મુક્ત થઇ શકાય ખરું? આ સંબંધી આપનો અનુભવ શું કહે છે તે હું જાણવા માગું છું.

**રામદાસ :** વાસના—મુક્ત બનવું તે તદ્દન શક્ય છે. અને તે કેમ થઇ શકાય તે રામદાસ સમજાવશે. ઈશ્વરકૃપાનો સતત અને અવિચ્છિન્ન ઈશ્વરનું સ્મરણ કરતાં કરતાં તમારું મન સર્વ પ્રકારે વાસના—રહિત અને પરમ પવિત્ર બની શકે છે. તે વખતે મન એક બાળક જેવું નિર્દોષ અને નિષ્કપટ બને છે. આ સ્થિતિમાં ઈશ્વરનો પ્રકાશ તમારા માનસિક તેમ જ શારીરિક, પ્રત્યેક અણુએ અણુમાં પ્રવેશ કરે છે અને બાહ્ય વસ્તુઓના સંપર્કમાં રહેવા છતાં મન જરાએ કલુષિત થતું નથી. અને આ પ્રકારની પરમ આંતરશુદ્ધિ તમે ઈશ્વરકૃપાએ પામો છો. ખરી રીતે તમે જે કંઇ સાધના કરો તે તમારી ઈચ્છા કે પુરુષાર્થથી થતી નથી. પરંતુ કેવળ ઈશ્વરની ઈચ્છાએ જ તે કરવા તમે પ્રેરાઓ છો.

**એબટ :** આપનું કથન અમે લોકો જે માનીએ છીએ તેને બરાબર મળતું આવે છે. હું એક બીજો પ્રશ્ન પૂછવા માગું છું. જો કોઇ પોતાની જાતને પવિત્ર બનાવવા ખૂબ જ પ્રયત્ન આદરે તો તે પ્રકારની પવિત્રતાના આદર્શને પહોંચતાં બહુ જ વાર લાગે ખરી?



**રામદાસ :** હા, એટલું જ નહીં પણ પોતાના કાર્યમાં સહાય માટે ઈશ્વરનો અનુગ્રહ યાચ્યા વિના આંતર—શુદ્ધિ માટે ગમે તેટલાં ફાંફાં મારશે, તો પણ તેના સૌ પ્રયત્નો નિષ્ફળ જશે. અંતિમ સ્થિતિમાં જ્યારે ઈશ્વરની કૃપા તેને સંપૂર્ણ રીતે પ્રકાશિત કરે છે ત્યારે જીવનમાં ઈશ્વરનું સતત સાન્નિધ્ય તે અનુભવે છે, અને પછી કોઇ પણ પ્રકારના મેલા વિચાર તેનામાં કદી પ્રવેશી શકાતા નથી. રામદાસ માને છે કે ઈશ્વરની કૃપા સંપૂર્ણ પરિવર્તન આણે છે. પછી કોઇ પણ પ્રકારની સાધના વિના તે સહજ રીતે પવિત્ર બની રહે છે. સાધકના મનમાં ભગવદ્ભાવ વ્યાપી ગયા પછી તેના પર અજ્ઞાન કે અજ્ઞાનજન્ય વાસનાઓનો કદી હુમલો થતો નથી.

**એબટ :** એટલે કે માણસ સાધનાની અમુક દશાએ પહોંચે પછી પણ ત્યાંથી તેનું પતન થઇ શકે? ખ્રિસ્તી સિદ્ધાંતમાં એમ કહેવાય છે કે ઈશ્વરકૃપા વીસરી અહંભાવને પોષવાનો ડર હંમેશા ઝઝૂમતો હોય છે.

**રામદાસ :** તમે આ પ્રશ્ન પૂછશો એમ રામદાસે પ્રથમથી ધાર્યું હતું. તમે જ્યારે તમારી જાતને ઈશ્વરને સમર્પો છો અને તેની કૃપા વડે તમે તેના પૂરા બની ચૂકો છો ત્યારે આશરામાં તમને સંપૂર્ણ સલામતી લાગે છે અને તે તમારું કદી પતન નહીં થવા દે તેવો વિશ્વાસ આપે છે. દયાના સાગર ઈશ્વર જીવનમાં પતન થવાના પ્રત્યેક પ્રસંગે તમને બચાવશે, પ્રલોભનો આશે ત્યારે તેમાં ગબડતા રોકશે. રક્ષણ કરવાની તેની સત્તા એટલી તો પ્રબળ છે કે જો તમે તમારી જાતને તેને સમર્પણ કરી દો. તેને જ તમારું સર્વસ્વ માનો અને તેના એકલાના જ આશરે તમે રહો

તો પછી પતન થવાનો સંભવ રહેતો જ નથી. માતા પોતાના બાળકને સંભાળે તેવી રીતે ઈશ્વર તમને સાચવે છે.

**એબટઃ**પતન પામ્યા હોય અને વળી પાછા સાવધાન થયા હોય તેવા સંતોના દાખલા હશે ખરા? પતન પામેલા ખ્રિસ્તી સંતોના દાખલા તો અમે જાણીએ છીએ.

**રામદાસઃ**સંતો તો ઈશ્વરસાક્ષાત્કાર પામેલા હોય છે અને તેથી તેમનું પતન થતું નથી. પંરતુ જેઓ અમુક સ્થિતિ સુધી જ પહોંચ્યા છે અને જેઓ ઈશ્વરની ઇચ્છાને સંપૂર્ણ રીતે આધીન બન્યા નથી તેમ જ ઈશ્વરનો સંપૂર્ણ સાક્ષાત્કાર પણ કર્યો નથી તેવાઓનું પતન થાય ખરું. આનો અર્થ એમ નથી કે આવી વ્યક્તિ તરફથી ઈશ્વર તેની કૃપા પાછી ખેંચી લે છે, પરંતુ તે વ્યક્તિ પોતે ઈશ્વરકૃપા પ્રત્યે વિમુખ બને છે, ખરી રીતે ઈશ્વરકૃપા આપણા ઉપર સતત વરસી રહી છે, પરંતુ આપણને તેની સાચી પ્રતીતિ હોવી જોઈએ. કેટલીક વખત જ્યારે આપણે જાગૃત હોઈએ છીએ ત્યારે તેની કૃપા અનુભવીએ છીએ. પરંતુ કેટલીક વખતે વિપરીત પ્રસંગો ઈશ્વરકૃપાથી આપણને વંચિત રાખે છે અને પરિણામે આપણું પતન થાય છે.''

ત્યાર બાદ એબટ તેમના આશ્રમના અંદરના ભાગમાં અમને લઈ ગયા અને બધું બતાવ્યું. ત્યાંના નિયમ મુજબ અંદરના ભાગમાં કોઈ પણ સ્ત્રીને દાખલ થવાની મનાઈ હતી એટલે જીન હર્બર્ટ, સાગરલાલ, સચ્ચિદાનંદ અને રામદાસ અંદર ગયા. માતાજી કૃષ્ણાબાઈ અને રાણી લલિતાદેવી અમે જમવા બેઠા ઈશુની મૂર્તિ સામે અમે પણ ખ્રિસ્તીઓની પ્રથા મુજબ ઘૂંટણિયે પડ્યાં. તે વખતે જે થોડી ક્ષણો અમે શાંત પ્રાર્થનામાં પસાર કરી



તે ખરેખર અમૂલ્ય હતી. કારણ કે તે સમયે શુદ્ધ પ્રકાશ અને દિવ્ય શાંતિ અમારા રોમરોમમાં ભરાએલી અમે અનુભવતા હતા. આશ્રમની આ મુલાકાતથી રામદાસના વિચારોને સમર્થ મળ્યું કે જુદા જુદા માર્ગે જતા વિધવિધ ધર્મના અનુયાયીઓ આખરે તો પરમ શાંતિ અને મુક્તિના એક જ સ્થાને પહોંચવા મથે છે. મઠથી પાછા ફરતાં પહેલાં બહાર મોટર પાસે અમે બધાં મળ્યાં. એબટના ઉજ્જવળ અને દેદીપ્યમાન મુખના ઓજસ ઉપરથી તેમના હૃદયની અંદરની અમોઘ શાંતિ સ્પષ્ટ રીતે દેખાઈ આવતી હતી અને રામદાસ પણ અસાધારણ આનંદમાં મસ્ત હતો. છૂટા પડતી વખતની વિદાય જરા વસમી હતી. ત્યાર પછી મોટરમાં જીન હર્બર્ટની રમણીય કુટિરમાં અમે પાછા ફર્યા.

(હરિરેવ જગત્‌માંથી સાભાર)

(ક્રમશઃ)

કોઈ આપણને સજા આપતું નથી. આપણે પોતે જ આપણી સજાનું નિર્માણ કરીએ છીએ. આપણે પોતે જ આપણને દંડ આપીએ છીએ. અંતે તો આપણે પોતે જ આપણી આધ્યાત્મિક અધોગતિ નોતરીએ છીએ. જો આપણામાં દુર્બુદ્ધિ હોય તો તે જ આપણા વિનાશનું કારણ બને છે અને જો સદ્‌બુદ્ધિ હોય તો કૃપા, મોક્ષ અને મુક્તિ નક્કી જ છે. આ બાબત એટલી નિશ્ચિત છે જેટલું સૂર્યનું પૂર્વમાં ઊગવું અને પશ્ચિમમાં આથમવું.

**—સ્વામી ચિદાનંદ સરસ્વતી**

# રક્ષાબંધનની સ્મરણીય ઘટના

મા સર્વેશ્વરી

**વિદેશયાત્રા કેનેડા ૨૭/૦૮/૧૦ વનવિશ્રામ**

આજે પદ્માબહેન, વાસુદેવ, હંસાબહેન આવ્યાં છે.

એડમન્ટનથી ૩ કલાક પ્લેનમાં માત્ર દર્શન માટે જ આવવાનું એક સત્કર્મ શ્રી પદ્માબહેન વાસુદેવ કરી રહ્યાં છે. કેવી શ્રદ્ધા ને કેવી ભક્તિ એમના જીવનમાં પથરાઇ રહી છે! તેનું દર્શન જ જાણે ભક્તો માટે પ્રેરક પગદંડીસમુ ગણી શકાય.

આજે સૌ પ્રવેશ્યાં ત્યારે મા સત્સંગમાં મળ્યાં છે.

શ્રી જગુભાઇ એમને લઇને આવ્યા છે. જગુભાઇના કપાળ ઉપર મોટો ચાંદલો જોઇ મા પૂછે છેઃ—

પ્રશ્નઃ—કેમ ચાંદલો કર્યો?

ઉત્તરઃ—પદ્માબહેને રાખડી બાંધી ને ચાંદલો એમણે કર્યો છે.

એ જાણી મા પોતાનો હાથ બતાવે છે કે અમને બધાને પણ રાખડી બાંધવી પડે. એવું ના ચાલે, એકને જ બાંધો તે?

પદ્માબહેન હાથ જોડી વંદન કરતા કહે છે કે અમે જ તો આપની પાસે રાખડી બંધાવવા જ તો આવ્યાં છીએ.

વાતચીત પૂરી થઇ, સત્સંગ શરૂ થયો. ભગવાન બુદ્ધની DVD સાથે બેસીને સૌ જુએ છે.

ભારતના આજના શિક્ષણ જગતની ચિંતા તથા શ્રી પદ્માબહેનના પિતાજીની વિશેષતાની પણ વાત થઇ છે.

બે કલાકની એ બેઠક પછી મા ઉપર આવ્યાં છે. આજની નોંધનું મા લેખન કરી રહ્યાં છે. ત્યાં શ્રી પદ્માબહેન માના



ઓરડામાં પ્રવેશે છે. હાથમાં રાખડી જેવો પટ્ટો છે. અને પ્રણામ કરી પદ્માબહેન તે રાખડી જેવું કાપડ મા ના હાથે બાંધી દે છે.

મા ક્ષણભર જોતાં રહ્યાં કે આ રાખડીનું કાપડ તો પદ્માબહેને પહેરેલી નવી સાડીની ડીઝાઇન જેવું જ છે! અચરજ સાથે મા ધ્યાનથી જુએ છે. હા, સાડીનું જ કાપડ છે. મા પૂછે છે આ ક્યાંથી લાવ્યાં? પ્રત્યુત્તરમાં પદ્માબહેન પોતાની સાડીનો પાલવ બતાવે છે.

હા. સાડીના પાલવમાંથી એમણે કાતર ચલાવીને રાખડી માટે કાપડ કાઢ્યું છે. સાડી તો નવી જ પહેરી હતી ખૂબ સરસ સાડી હતી. તેના ઉપર કાતર ચલાવતા એમણે ક્ષણનો પણ વિલંબ નથી કર્યો. પોતાની પ્રિય નવી પહેરેલી સાડી ઉપર કાપ મૂકીને તેની રાખડી બનાવીને માને બાંધવાની વાત નોંધપાત્ર છે.

મા તો રમૂજમાં જ હાથ બતાવ્યા ને પછી તો તે પ્રશ્ન જ ત્યાં જ શાંત થઇ ગયેલો. બે કલાક બેઠક ચાલી. માને એ વાતની વિસ્મૃતિ પણ થઇ ગયેલી.

પદ્માબહેન ઓરડામાંથી પ્રણામ કરીને વિદાય થયાં. ત્યાં જ ક્ષીપ્રા મા પાસે આવી છે ક્ષીપ્રાને માના હાથમાં રંગીન પટ્ટો જોતાં નવાઇ લાગી.

માએ જણાવ્યું ને પછી પાછું ધ્યાનથી જોયું તો એ પ્રેમભરી રક્ષામાં કંઇક બાંધ્યું છે. એવું લાગ્યું બટન જેવું લાગતું હતું.

ક્ષીપ્રા સાથે મા એ રક્ષા છોડે છે. રક્ષાની મધ્યભાગમાં કંઇક ગાંઠ વાળી છે તે પણ જોઇ. તો બીજું અચરજ જોવા મળ્યું, તે પોટલી જેવું જે હતું તેમાં બટન જેવું જ પણ તે સોનાનું પેન્ડન્ટ હતું જેમાં શ્રી રામ સીતા ને ૐ.

ચીંથરે બાંધેલું રતન રક્ષામાં જાણે વીંટળાયેલું મળ્યું.

માએ તરત જ એક કવરમાં મૂકીને પ્રભુ પાસે મૂકી દીધું. પદ્માબહેનને પાછું આપવાનું છે ને! શ્રદ્ધાભક્તિ અદ્‌ભુત, ઉદારતા અદ્‌ભુત, ભાવના અદ્‌ભુત સૂઝ પણ અદ્‌ભુત, પ્રેમ અને સન્માન પણ અદ્‌ભુત બધું જ અદ્‌ભુત અદ્‌ભુત અદ્‌ભુત શ્રી પદ્માબહેન જાણે પોતે જ અદ્‌ભુતતાના સંગમ જેવાં.

રાખડી માટે નવી સાડી ફાડી શકે. તે કાપડમાં રત્ન બાંધી શકે આ બધી વાતો કોઈ માની ના શકાય તેવી છે છતાં તે સત્ય છે.

વરસોથી સૌ વાંચે છે કથામાં સાંભળે છે કે ભગવાન શ્રી કૃષ્ણને પાટો બાંધ્યો સાડી ફાડીને દ્રૌપદીએ એ કથામાં પવિત્ર પ્રેમનું જ દર્શન છે.

અહીં જાણે તે કથા જીવંત બનીને કહી રહી છે. પદ્માબહેનના એવા આચરણ દ્વારા સત્યને જાણે એક સહારો મળી રહ્યો છે.

યુગો પહેલાંની એ પવિત્ર પ્રેમની ઘટના બની જ હશે એવું આ પદ્માબહેનને જોતાં અનુભવતાં લાગે છે.

શ્રી પદ્માબહેન માટે વિશેષ નોંધમાં વિશેષ રીતે નોંધી શકાય કે શ્રી પદ્માબહેન માના કોલેજકાળના સખી હતાં. હોસ્ટેલમાં પણ સાથે જ હતાં.

એ મિત્રભાવ હવે પૂજ્યભાવમાં, ધર્મભાવમાં પલટાઈને કેટલી હદ સુધી એ શ્રદ્ધા ભક્તિનો વિકાસ થઈ રહ્યો છે તેનું આ એક દ્રષ્ટાંત જ પ્રયાપ્ત છે.

શ્રી પદ્માબહેન ભાવભક્તિ ભર્યા પવિત્ર પ્રેમાળ ભક્ત સન્નારી છે. એમની વિશેષતા એ છે કે એમની આંખ એમનું મન કદી કોઈની નિર્બળતા ત્રૂટી દોષ જોઈ જ શકતું નથી એમને મન



આખું જગત જ એમના જેવું પ્રેમાળ ને સરસ છે. સૌને પોતાના પ્રેમના હથીયારથી વિજયની જ પ્રસાદી પ્રાપ્ત કરતાં રહે છે.

વનવિશ્રામના આ દિવસોમાં શ્રી પદ્માબહેનની વિશેષતાઓ નોંધીને આજની નોંધ અહીં પૂર્ણ થઈ રહી છે. હે પદ્માબહેન, તમારા વિચારો, તમારા ભાવ તમારા જીવનના પ્રેમભર્યા અભિનય ને સૌના વંદન હો વંદન હો વંદન હો.

હે સર્વશ્રેષ્ઠ સખા સ્વામી પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ

**વનવિશ્રામ ૨૮/૦૮/૧૦**

આજની રાતની બેઠકમાં મા શ્રી પદ્માબહેનને પેલું સોનાનું પેડન્ડન્ટ પ્રેમથી પાછું પ્રસાદમાં આપી દે છે.

સોનાની કે હીરાની કિંમતી વસ્તુની માને જરૂર નથી. એવી જરૂરિયાત તો ગૃહસ્થીઓને હોય શકે, મા તો એ બધી ધાતુ કરતાં પણ કિંમતી શ્રદ્ધાભક્તિ અને પ્રેમ જ મૂલ્યવાન ગણે છે.

એ ભક્તદંપતિનો પ્રેમ મળતો રહે. એમના હાથે સત્કર્મો થતા રહે, તેઓ સર્વ પ્રકારે સુખશાંતિ પામે, એવી અનેક પ્રાર્થના સાથે એ વિશેષતાની અલૌકિક વાત અહીં પૂર્ણ થઈ રહી છે.

શાસ્ત્રની વાતને ૨૦૧૦માં પદ્માબહેન દ્વારા પ્રભુ જીવાડીને સૌને પ્રેરક સંદેશો ધરી રહ્યા છે.

ધન્ય એ દંપતિ, ધન્ય એમની શ્રદ્ધાભક્તિ, ધન્ય એમનો પ્રેમ.

હે પરમાત્મા આપને પણ પ્રણામ સાથે ધન્યવાદ. અતિ કિંમતી વસ્તુના પ્રલોભનમાંથી રક્ષા કરી લો છો. માને પરીક્ષાનું પેપર આપીને સફળ પણ કરી દો છો.

શ્રી ગુરુભગવંત સતત અખંડ માની સાથે જ વસે છે. વરસોથી વિવિધ જાતના મીઠા મધ જેવાં પ્રલોભનો પૈસાનાં,

ઘરેણાંના પ્રભુ મોકલે છે. ને પાછી રક્ષા પણ તરત જ કરી લે છે. ક્યાંયે કોઈ લાલચ લોભમાં માને આસક્ત થવા દેતા નથી.

ચાંદીના વાસણો, સોનાના ઘરેણાંઓ, મોટા મોટા ચેક, અરે કોરા ચેક સઘળું આવતું રહે છે. પણ મા દરેક વખતે પ્રેમથી પાછા વાળી દેવામાં સફળ થતાં રહે છે.

માત્ર ને માત્ર હે પ્રભુ, આપના દર્શનની જ લાલચ દર્શનનો જ લોભ, દર્શનનો જ મોહ દર્શન માટેનો જ પ્રેમ વધારતા રહેજો. સર્વ અવરોધોમાંથી અખંડ રક્ષા કરતા રહો છો તેવી જીવનની અંતિમ ક્ષણ સુધી રક્ષા કરતા રહેજો.

અખંડ દર્શન, અખંડ સાંનિધ્ય ધરતા રહેજો સર્વ વળગણોમાંથી રક્ષા કરતા કરતા સન્મુખ રહેજો.

હે પ્રભુ પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

માનવને અભાવો વચ્ચે પણ આનંદપૂર્વક જીવવાનું બળ જો કોઈ વસ્તુ પૂરું પાડતી હોય તો તે પ્રેમ જ છે.

**—યોગેશ્વરજી**

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# મેં રામકૃષ્ણને જોયા છે(૨)

**રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્ય**

(આ મથાળાનો શ્રી રામેન્દ્રસુંદર ભટ્ટાચાર્યનો લેખ સપ્ટે.૧૦ના અધ્યાત્મ માસિકના પાના ૫૦ થી ૫૫ પર છપાયેલો. આ તેનો બીજો ભાગ છે. રામકૃષ્ણ જ્યોત્ માસિકના જુલાઈ, ૧૦ના અંકમાં તે છપાયેલ છે.)

આ લેખ અહીં ફરી પ્રસિદ્ધ કરવા પાછળનો આશય એ છે કે અધ્યાત્મના વાંચકોને તેનો લાભ મળે, એમાં તેના લેખક શ્રી રામેન્દ્રસુંદરે શ્રીરામકૃષ્ણને તેઓ જ્યારે માત્ર આઠ વર્ષના હતા ત્યારે એકવાર જ જોયેલા. તેમના પિતાશ્રી ઠાકુરના સમવયસ્ક હતા એટલું જ નહીં, પરંતુ તેઓને પરસ્પર ઓળખતા ને વર્ષમાં બે ત્રણવાર મળતા. ભક્તિભાવ રાખતા.

એકવાર આ રામેન્દ્રસુંદર આઠ વર્ષનો હતો ત્યારે કાલીના મંદિરે લઈ જતાં તેના પિતાજીએ કહેલું ત્યાં તું માતાજીની મૂર્તિ ઉપરાંત એક જીવતા જાગતા ભગવાને પણ જોઈશ. દક્ષિણેશ્વરમાં પંચવટીની સામે ઊભા રહી શ્રી ઠાકુર ગંગાદર્શન કરી રહ્યા હતા. મારા પિતાજીએ ધૂળમાં શ્રી ઠાકુરને દંડવત્ પ્રણામ કર્યા પછી મારું માથું તેમના ચરણોમાં નમાવતાં કહ્યું, ''બેટા, મેં તને કહ્યું હતું કે હું તને જીવતા જાગતા ભગવાન બતાવીશ. આ એ જ છે તારી સામે જ. એમનો ચરણ સ્પર્શ કરી તું ધન્ય બની જા.''

શ્રી ઠાકુરે એમના હસ્તકમળ મારા મસ્તક પર રાખીને કહ્યું, ''ઊઠ ભાઈ ઊઠ,'' હું ઊભો થયો એટલે એમણે કહ્યું, ''તું દીર્ઘજીવી બનીશ અને પંડિત પણ થઈશ.''

કેટલી સચોટ હતી શ્રી ઠાકુરની આ આર્ષવાણી!

આ લેખક મોટા પંડિત તો થયા, પરંતુ તેઓએ ૮૪ વર્ષની વયે શ્રી રામકૃષ્ણ ભાગવતમ્ નામનો ૫૦૦૦ શ્લોકોનો સંસ્કૃતમાં ગ્રંથ લખ્યો છે. તે માટે શ્રી ઠાકુરે ભૌતિક શરીર છોડી દીધા પછી દર્શનો આપી આ ગ્રંથ લખવા તેમને પ્રેરણા આપી. એટલું જ નહીં. પોતે સંસ્કૃત ભણ્યા ન હતા છતાં દર્શન વખતે સંસ્કૃતમાં શ્લોક બોલી બતાવી, તેમની ભ્રમણા દૂર કરી કે તેઓ સંસ્કૃત કેમ સમજશે! જીવનમાં પણ આવી ઘટનાઓનું દર્શન આપણનો થતું રહે છે. **—તંત્રી**

ઈશ્વરદર્શી મહાપુરુષો ભૌતિક શરીર છોડી દીધા પછી પણ પોતાની ઇચ્છા પ્રમાણેનું કાર્ય કરાવવા સમર્થતા ધરાવે છે, તેનું આ સચોટ ઉદાહરણ છે. પૂ.મા શ્રી સર્વેશ્વરીના ઠાકુરની જીવનકથાથી સૌ કોઇ પરિચિત છે. મુખ્યત્વે સ્વામી સારદાનંદજીએ લખેલ ‘શ્રીરામકૃષ્ણ લીલાપ્રસંગ’નું અનુસરણ કરીને ‘શ્રી શ્રી રામકૃષ્ણ ભાગવતમ્’ ગ્રંથમાં મેં એ જ પરિચિત જીવન આલેખ્યું છે. એ ગ્રંથની બે—એક ઘટના મારા ગ્રંથના વિષયવસ્તુને સંગ્રહિત કરતી વખતે પ્રામાણિક સૂત્રોમાંથી મને જાણવા મળી. એ ઘટનાઓ એમના પ્રમાણભૂત જીવનકથા ગ્રંથમાં નથી. જેમ કે કામારપુકુરના ધનવાન જમીનદાર લાહાબાબુના ઘરે શ્રાદ્ધ પ્રસંગે એક વિચારસભા મળી હતી. એ સમયે શ્રાદ્ધાદિક કર્મના ઉપલક્ષ્યમાં આવી વિચારસભાનું આયોજન સામાન્ય રીતે ધનવાન અને જમીનદાર પરિવારની એક પ્રથા હતી. એ સભામાં ઘણા વિશિષ્ટ પંડિતો ઉપસ્થિત હતા. આ વિચારસભા ચાલતી હતી ત્યારે એક પેટપીડાથી પીડાતો બ્રાહ્મણયુવક ત્યાં આવી પહોંચ્યો. એણે સામવેદી પંડિતને ઉદ્દેશીને કહ્યુંઃ ‘લગભગ ૨૦ વર્ષની આ અતિશૂળવાળી



પેટાપીડાનું દુઃખ હું વેઠું છું. ઘણાં દવાદારૂ કર્યા પણ રોગ શમતો નથી. હમણાં બાબા તારકનાથના શિવમંદિરે જઇને ઉપવાસ કર્યો હતો. રાતે તારકનાથ શિવે મને સ્વપ્નમાં દર્શન આપ્યાં. એમણે મને કહ્યુંઃ ‘તમારા ગામને છેડે ગૌમાંસ ખાનાર એક ચાંડલ રહે છે. સ્નાનાદિ કર્યા પછી તું ભક્તિભાવ સાથે એ જ ચાંડાલને પ્રણામ કરીને એમનું ચરણોદક પીજે. ત્યાર પછી એની પાસેથી એંઠું અન્ન માગીને, મનમાં કોઇ પણ જાતનો વિકાર રાખ્યા વગર એ ખાઈ શકે તો તું રોગમુક્ત બની શકે.’ હવે સમસ્યા એ છે કે જો હું આ કરું તો સમાજ મને નાત બહાર મૂકી દેશે. આપ સૌ પંડિત અહીં ઉપસ્થિત છો. આપને પૂછું છું કે કેવી રીતે બાબા તારકનાથના આદેશનું હું પાલન કરું અને વળી મારી જ્ઞાતિમાંથી ભ્રષ્ટ પણ ન થઉં.’

આ વિષયને ધ્યાનમાં રાખીને પંડિતોમાં તીવ્ર ચર્ચા થઇ. પણ એનું કોઇ સમાધાન ન મળ્યું. એ સભામાં શ્રોતાજનોની વચ્ચે બાલક ગદાધર પણ હતા. એમણે પંડિતો પાસે જઇને વિનયપૂર્વક કહ્યુંઃ ‘જો રજા આપો તો મારે એક વાત કહેવી છે.’ બાળકની વાત સાંભળીને પંડિતો તો મંત્રમુગ્ધ થઇ ગયા.આમ છતાં પણ એમણે કહ્યુંઃ ‘વારુ, તું જે કહેવા માગે છે તે કહે.’ બાળક ગદાધરે કહ્યુંઃ ‘જો એ જ વ્યક્તિ એ ચાંડાલને લઇને પુરુષોત્તમ ક્ષેત્ર (જગન્નાથ પુરી)માં જાય અને ભગવાન જગન્નાથનો પ્રસાદ એને ખવડાવે તેમજ એનો એઠો પ્રસાદ પોતે ખાય તો તારકનાથ શિવજીના આદેશનું પાલન પણ થશે અને જ્ઞાતિભ્રષ્ટ થવાનો ડર પણ ન રહે.’

બાળકની વાત સાંભળીને પંડિત લોકો તો સ્તબ્ધ થઇ ગયા. એમણે બધાએ એકી અવાજે એમના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું અને બાળ ગદાધરને આશીર્વાદ આપતાં કહ્યુંઃ ‘બેટા, તું સાધારણ

માનવ નથી. તારામાં અમે જગદ્‌ગુરુનાં લક્ષણ જોઈએ છીએ. સમય આવ્યે આ બધું સાબિત થશે.' લીલાપ્રસંગમાં શાસ્ત્રીય પ્રશ્ન વિશેની મીમાંસાનો ઉલ્લેખ છે, પણ પ્રશ્ન શું હતો એનો ઉલ્લેખ એમાં આવતો નથી.

હવે સ્વપ્નમાં ઠાકુરના સ્વમુખે સાંભળેલી એમના જીવનની ઘટનાઓમાંથી એકનો અહીં ઉલ્લેખ કરું છું. શ્રીઠાકુરે એક દિવસ મને સ્વપ્નમાં કહ્યું: 'પંડિત, તમે લોકો તો મને મૂર્ખ ગણો છો, પરંતુ બહાર જે મૂર્ખતા દેખાય છે એ તો મારો છદ્મવેશ છે. એક વખત મારા યુવાન ભક્ત વૈકુંઠનાથે મૂળ સંસ્કૃત ન વાંચતા બંગાળી અનુવાદ વાચવાનું શરૂ કર્યું. એમને એમ હતું કે તેઓ સંસ્કૃત વાંચે તો હું સમજી નહીં શકું. મેં એમને કહ્યું: 'તમેજ મૂળ સંસ્કૃતમાંથી જ પાઠ કરો.' વૈકુંઠનાથે એ વાત સાંભળીને મારા તરફ અવાક્ બનીને જોયું. તેઓ વિચારતા હતા કે હું અભણ માણસ વાલ્મીકિનું સંસ્કૃત કેવી રીતે સમજી શકું? મેં એ વખતે એમને કહ્યું: 'રામાયણમાં જેની વાત છે એ તો આ ભીતર રહેલાની જ છે. એટલે રામાયણમાં જે કંઇ લખ્યું છે આનું(મારું) જાણીતું જ છે. જો તમને વિશ્વાસ ન આવતો હોય તો સાંભળો.' એમ કહીને હું રામાયણ અરણ્યકાંડમાંથી ૭૪મા અધ્યાયના મૂળ શ્લોક બોલવા લાગ્યો હતો. પંડિત તમે પણ તે સાંભળો.' ત્યાર પછી શ્રીઠાકુરે મારી સામે વાલ્મીકિ રામાયણના અરણ્યકાંડમાંથી ૭૪મા અધ્યાયના મૂળ શ્લોક બોલવાનું શરૂ કર્યું—વિશુદ્ધ ઉચ્ચાર સાથે અપૂર્વ સ્વરભાર સાથે. એમના મુખે બધા સંસ્કૃત શ્લોક એટલી અપૂર્વ રીતે ઉચ્ચારિત થતા હતા એ સાંભળીને હું સ્તબ્ધ થઇ ગયો. ત્યાર પછી શ્રીઠાકુરે કહ્યું: 'વૈકુંઠનાથ તો મારી વાત સાંભળીને અવાક્ થઇ ગયા. જળોના મુખમાં ચૂનો લગાડવાથી જળોની જે અવસ્થા થાય, એમની પણ



એવી જ દશા. એક વાક્ય પણ એમને મોઢેથી નીકળતું નથી; એનું કારણ એ હતું કે એ વખતે પોતાની નજર સમક્ષ શ્રીરામચંદ્ર, લક્ષ્મણ અને શબરીને જ જોતા હતા. થોડીવાર થોડા સ્થિર થયા પછી એમણે મને પ્રણામ કર્યા અને મૂળ સંસ્કૃતમાંથી પઠન કરવા લાગ્યા. પંડિત તમે જુઓ, મેં શ્રીરામચંદ્રના રૂપે શબરી પર કેવી કૃપા કરી હતી!' મારા પર કૃપા કરીને એમણે આ બધું મને બતાવ્યું.

ગમે તેમ પણ સ્વપ્નમાં શ્રીઠાકુર પાસેથી સંસ્કૃત ભાષામાં એમની કાવ્યજીવનકથા લખવાનો જે નિર્દેશ મને મળ્યો હતો, એ વિશે થોડા ઘણા તથ્યાંશો એકઠા કર્યા સિવાય મેં એ વિશે ઘણાં વર્ષો સુધી કશું કર્યું નહીં. આ પ્રસંગે એ ઉલ્લેખનીય છે કે સ્વપ્નમાં શ્રીઠાકુરે સંસ્કૃતમાં એમનું કાવ્યજીવનકથા લખવાનો એકવાર નહીં પણ એનેકવાર નિર્દેશ કર્યો હતો. પહેલાં તો હું એ સ્વપ્નાદેશને માત્ર સપનું જ સમજ્યો. પરંતુ જ્યારે મારી ઉંમર ૮૦ વર્ષથી વધુ થઇ ત્યારે વળી પાછાં સ્વપ્નમાં એમણે મને પુણ્યદર્શન આપ્યાં. સાથે ને સાથે એમણે સંસ્કૃતમાં કાવ્યજીવનકથા લખવાના નિર્દેશની યાદ પણ અપાવી. મેં એમને મારી વૃદ્ધાવસ્થા અને ખરાબ તંદુરસ્તી વિશે કહ્યું. આમ છતાં પણ એમણે કહ્યું: 'તારે કંઇ ચિંતા કરવાની જરૂર નથી. તું લખવાનું શરૂ કરી દે.' એમ બની શકે કે આ બધી વાત પર લોકો વિશ્વાસ ન કરી શકે. મને સ્વપ્નમાં એમની પાસેથી અનેકવાર આવા નિર્દેશ મળ્યા અને ૮૪ વર્ષની ઉંમર સુધીમાં એમનું ચરિત્રકાવ્ય લખી પણ નાખ્યું. એમના આશીર્વાદની શક્તિથી 'શ્રી શ્રી રામકૃષ્ણ ભાગવતમ્' લખવાનું અને પ્રકાશિત કરવાનું સંભવ બન્યું છે. એમણે મારા પર કૃપા કરીને મારી પાસે આ બધું લખાવી લીધું. કોઇ વિશ્વાસ કરે કે ન કરે, એમણે

મને સ્વપ્નમાં દર્શન આપીને લખવાને વખતે મારા કેટલાય સંદેહોને દૂર કરી દીધા, જરૂરી નિર્દેશ પણ કર્યા છે. હું તો ગરીબ બ્રાહ્મણ. ગ્રંથ પ્રકાશન માટેના નાણાની વ્યવસ્થા કરવાનો વિચાર પણ મારે કરવો ન પડ્યો. ભારત સરકારે આ પ્રકાશન માટે અનુદાન આપ્યું. આ ગ્રંથનો ઘણા પ્રતિભાસંપન્ન લોકોએ સમાદર કર્યો છે. આવા વિદ્વાનોમાં ભારતના રાષ્ટ્રખ્યાત વિદ્વાન સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાય જેવા વિખ્યાત પંડિત તો હતા. સાથે ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રીમતી ઇંદિરાગાંધી પણ ખરાં. અને રામકૃષ્ણ મઠ અને મિશનના દસમા પરમાધ્યક્ષ બ્રહ્મલીન શ્રીમત્ સ્વામી વીરેશ્વરાનંદજી મહારાજ પણ આ વિદ્વાનોમાં આવે છે. હું મારાં મનપ્રાણહૃદયથી સમજી ગયો હોત અને આજે પણ દૃઢ મને માનું છું કે શ્રીરામકૃષ્ણદેવ નરદેહે અવતરેલા ભગવાન પોતે જ છે. એમની કૃપાકણથી મુખમાં વાણી ફૂટે છે, પાંગળો પર્વત પણ ઓળંગી જાય છે. ‘તું દીર્ઘજીવી બનીશ અને પંડિત પણ બનીશ’ એવો એમનો અમોઘ આશીર્વાદ મારા જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં ફળ્યો છે. મને દીર્ઘાયુષ્ય પણ સાંપડ્યું અને પંડિત પણ બની શક્યો.

મેં શ્રીરામકૃષ્ણને નજરે જોયા છે. મેં એમનો ચરણ સ્પર્શ પણ કર્યો છે. હું એ બધું સમજ્યો કે ન સમજ્યો હોઇશ પણ ભગવાન શ્રીરામકૃષ્ણે તો મને જોયો છે, પછી એમણે મારા મસ્તક પર હાથ મૂક્યો છે, પછી ભલે એમણે આ હાથ એક જ વાર રાખ્યો હોય! હું બરાબર જાણું છું કે એકમાત્ર દૃષ્ટિપાતથી, એકવારના સ્પર્શદાનથી એમણે મને અનંત સૌભાગ્યનો અધિકારી બનાવી દીધો.

॥ ૐ નમો ભગવતે રામકૃષ્ણાય નમઃ ॥



# સ્વર્ગારોહણના સત્કર્મો

રાજુભાઈ જાની

| તારીખ | સહયોગી | સેવા યજ્ઞનો પ્રકાર |
|---|---|---|
| ૯–૧૨–૧૦ | જીતુભાઇ મિસ્ત્રી-ડભોઇ | અનાજ વિતરણ સહાય |
| ૧૦–૧૨–૧૦ | પ્રવિણભાઇ ભાવસાર-વડોદરા | અનાજ વિતરણ સહાય |
| ૧૧–૧૨–૧૦ | કંચનબેન ભગવાનજીભાઇ ભક્ત લોસ એંજલસ | અનાજ વિતરણ સહાય |
| ૧૨–૧૨–૧૦ | પૂજાવિરલકુમાર માવાણી મૈત્રેયી ભરતકુમાર ત્રિવેદી-મુંબઇ | અનાજ વિતરણ સહાય |
| ૧૯–૧૨–૧૦થી ૨૨–૧૨–૧૦ | શ્રી પિનાકીનભાઇ પટેલ ડૉ. નિરુપમા પટેલ–યુ.એસ.એ. | નેત્રયજ્ઞ |
| ૨૨–૧૨–૧૦ | શકુબેન દિપ્તીબહેન(પનામા) | બાળકો માટે ગરમ વસ્ત્ર સહાય |
| ૨૩–૧૨–૧૦ | આશાબહેન ભક્ત વાવ પરિવાર | બાળકો માટે ગરમ વસ્ત્ર સહાય |
| ૨૪–૧૨–૧૦ | વિજ્યાબહેન (નરેન્દ્રભાઇ, પુષ્પાબહેન–(કેનેડા)) ચંદ્રકાન્તભાઇ શાહ(બોસ્ટન) | બાળકો માટે ગરમ વસ્ત્રો |
| ૨૫–૧૨–૧૦ | રોહિતભાઇ, રૂક્ષ્મણીબહેન–કેનેડા | અનાજ વિતરણ સહાય |
| ૨૬–૧૨–૧૦ | રક્ષિતા સમિતકુમાર, મુંબઇ | બાળકોને ગરમ વસ્ત્ર સહાય |

| | | |
|---|---|---|
| ૨૭–૧૨–૧૦ | ગુલાબવાડીના બાળકો યુ.એસ.એ. | બાળકો માટે ગરમ વસ્ત્ર સહાય |
| ૨૮–૧૨–૧૦ | જ્યોત્સનાબહેન રાજુભાઇ શાહ, કેનેડા | બાળકો માટે ગરમ વસ્ત્ર સહાય |
| ૨૯–૧૨–૧૦ | ગુલાબબહેન ભક્ત-પનામા | અનાજ વિતરણ સહાય |
| ૩૦–૧૨–૧૦ | ઉર્મિલાબેન, જયંતીભાઇ પટેલ-કેનેડા | બાળકોને ગરમ વસ્ત્ર |
| ૩૧–૧૨–૧૦ | માલતીબેન મુકેશભાઇ તન્ના-મુંબઇ | અનાજ સહાય |

સ્વર્ગારોહણ રજત જયંતી વર્ષ સત્કર્મ પર્વ દરમ્યાન ડીસેમ્બર સુધીમાં આયોજીત કુલ ૧૧ અનાજ સહાય યજ્ઞમાં ૧૧૬૩ ભાઇ બહેનોને અનાજ, કઠોળ, ધાબળા, શેત્રંજી, ટુવાલ, કથરોટ, સ્ટીલના વાસણો, સાબુ, તેલ અને બુંદી ચવાણા, બીસ્કીટ વેફરનો પ્રસાદ તેમજ રૂા.૧૦૦ રોકડ સહાય આપવામાં આવી. તે જ રીતે બાળકો માટેના ૧૯ કેમ્પમાં ૨૩૩૫ બાળકોને ગરમ સ્વેટર ટોપી, સ્કાર્ફ, દફતર, ટુવાલ, ડીશ, ગ્લાસ, સાબુ ટુથપેસ્ટ, બ્રશ, અને બીસ્કીટ, વેફર, ચવાણા બુંદીનો પ્રસાદ અપાયો.

નેત્રયજ્ઞ દરમ્યાન ૨૩૪ ભાઇ બહેનોનાં ઓપરેશન થયાં. અત્યાર સુધીમાં નવે ડીસેમાં મળી કુલ ૨૨ સત્કર્મ પૂરાં થયાં.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# કેનોપનિષદ

**યોગેશ્વરજી**

ઉપનિષદમાં જીવનની ઉન્નતિની વાતોનો વિચાર બહુ સારી રીતે કરવામાં આવ્યો છે. નદીના નિર્મળ પ્રવાહની પેઠે ઉપનિષદનો જ્ઞાનપ્રવાહ એકસરખા આકર્ષક, સરળ અને સુમધુર સ્વરૂપે આગળ ને આગળ વહ્યો જાય છે. તેનું દર્શન ને પાન કરવાથી અનેરો આનંદ મળે છે. તેના ઉત્તમઅમૃતપાનથી મન તૃપ્ત તો થતું જ નથી. દેશકાળ ને જાતિ–વયના ભેદ તેને નડતા નથી. બધા જ સ્થળમાં ને સર્વ કોઇને માટે તે પ્રેરક ને મંગલદાયક છે.

કેન ઉપનિષદ પણ પ્રમાણમાં નાનું છે. ભાવ ને ભાષાની દૃષ્ટિએ સહેલું ને સુંદર છે. આ ઉપનિષદની શરૂઆતમાં જ ભાવપૂર્ણ ને ઉત્તમ શાંતિપાઠ મૂકવામાં આવ્યો છે. કેટલો સુંદર છે તેનો ભાવ! ઋષિ કહે છે કે 'મારાં અંગો પ્રફુલ્લ ને સ્ફૂર્તિવાળાં થાઓ. વાણી, આંખ ને મારો પ્રાણ બળવાન બનો. બધી ઇન્દ્રિઓ પોતપોતાના કામમાં શક્તિપૂર્વક લાગી જાઓ. પરમાત્મા મારાથી દૂર ન થાય ને હું પણ પરમાત્માથી અલગ ન થાઉં. ઉપનિષદમાં વર્ણવેલા ગુણધર્મો ને જ્ઞાનનાં રહસ્યો મારા જીવનમાં સાકાર બનો.'

આ શાંતિપાઠ ખૂબ મહત્ત્વનો છે. તેનો વિશેષતા એ છે કે તેમાં શરીર, મન ને આત્મા ત્રણેના જરૂરી વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો છે. જ્ઞાનનો નામે આપણે ત્યાં કેટલેક ઠેકાણે ઉપેક્ષા કરવામાં આવે છે ને કેટલીક વાર તો માણસ જાણી

જોઈને શરીર તરફ બેદરકાર બને છે. એકલા શરીરને સર્વસ્વ માની લેવું ને તેમાં બંધાઈ જવું જુદી વાત છે ને શરીરને પરમાત્માનું મંદિર ને સર્વે પ્રકારના પોતાના ને બીજાના હિતનું સાધન સમજી સંભાળવું તે વળી બીજી જ વાત છે. તે સમજી લઈ માણસે સદાય વિવેકી થવાની ને શરીરને સુદૃઢ, નીરોગી ને સ્વચ્છ રાખવાની જરૂર છે. એટલે જે શરીરની સમૃદ્ધિની આ શાંતિપાઠમાં ભાવના કરવામાં આવી છે.

તે ઉપરાંત પ્રાણ અથવા મન જેવી ઇન્દ્રિયોને ઉત્તમ બનાવવાની ભાવના પણ કરવામાં આવી છે. ને સાથેસાથે પરમાત્માને જાણવાની ને માનવોચિત ગુણધર્મોથી સંપન્ન ને સુશોભિત થઈને પરમાત્માની સાથે સ્નેહના સનાતન સૂત્રે સંધાઈ જવાની ઈચ્છા પ્રકટ કરવામાં આવી છે. આ ભાવનામાંથી આપણને શીખવા મળે છે કે શરીરમાં જ આસક્ત થઈને આત્માની તદ્દન વિમુખ બનવામાં જેમ જીવનની શોભા નથી, તેમ પરમાત્મામાં મગ્ન બનીને શરીર ને મનની શુદ્ધિ ને સંભાળ તરફ તદ્દન બેદરકાર બનવું તે પણ બરાબર નથી. તે પણ આદર્શ જીવનને માટે શોભારૂપ નથી. બંને છેડા ઉત્તર ને દક્ષિણ ધ્રુવ જેવા છે ને બંને જીવનને માટે અનિષ્ટકારક છે. ઉત્તમ જીવનને માટે તે બંનેનો સમન્વય સાધવાની જરૂર છે. સમન્વયની એ કળા કે સાધનામાં જે પારંગત હશે તે કોઈનોય તિરસ્કાર નહીં કરે; પરંતુ જુદાંજુદાં અંગો ને જગતમાં દેખાતી વિભિન્નતાને એવી સરસ રીતે ગોઠવી દેશે કે તેને પરિણામે જીવન વધારે ને વધારે સુંદર ને સર્વાંગીણ બની રહેશે. જ્ઞાનીએ પોતે શરીરની સંભાળ રાખવી  નહીં. ઔષિની પેઠે શરીરને ન છૂટકે જ રસ ને



કસ વિનાનો ખોરાક આપવો, શરીરની સ્વચ્છતા ને શોભાથી દૂર રહેવું ને શરીરને સૂકવી કે ઘસી નાખીને હાડપિંજર જેવા થવામાં જ ગૌરવ ગણવું, એવાં વિચારો આપણે ત્યાં જ્ઞાન, ભક્તિ કે સાધના ને વૈરાગ્યને નામે પ્રચલિત છે ને મોટામોટા માણસો પણ તેનો ભોગ થઈ પડ્યા છે. તે વિચાર કેટલા વિઘાતક ને વિવેક વિનાના છે તે આટલા વિવેચનથી સહેજે સમજી શકાશે. માણસે રૂઢિ ને વાતાવરણના દાસ થઈને જ જીવવાનું નથી પરંતુ સદાય સત્યના સંશોધક થવાનું છે ને જીવનને ઉજ્જવળ કરવા કે સત્યની શોધ કરી હોય તેને જીવનમાં ઉતારવાનું છે. ઉપનિષદનો આ શાંતિપાઠ આ રીતે ખાસ સમજવા જેવો છે.

### તર્કની પરંપરા

કેટલાક માણસો માને છે કે ભારતીય ધર્મ, તત્ત્વજ્ઞાન કે સાધનામાં તર્કને સ્થાન જ નથી. પહેલી, છેલ્લી ને મુખ્ય આવશ્યકતા તેમાં શ્રદ્ધાની જ છે, ને શ્રદ્ધાને ધારણ કરીને માણસે તેમાં નક્કી કરેલી બધી વસ્તુ માની લેવી પડે છે. પરંતુ બરાબર વિચાર કરીએ તો સમજાશે કે આ વાત સાચી નથી. ભારતીય સાધનામાં તર્કમાં મહિમા પણ સ્વીકારેલો છે ને તર્કને પોતાનું આગવું સ્થાન છે. બ્રહ્મસૂત્રનો જ અભ્યાસ કરવાથી આ વાત સહેલાઈથી સમજાઈ જાય છે. તેવું જ ગીતા ને ઉપનિષદોનું પણ છે. જિજ્ઞાસાવૃત્તિ કે તર્કની પ્રતિષ્ઠા બધે જ દેખાઈ આવે છે. તેવી વૃત્તિને બધે જ સન્માનવામાં કે આવકારવામાં આવી છે ને તેના સમાધાનના ઉત્સાહપૂર્વકના પ્રયાસ પણ કરવામાં આવ્યા છે. ગીતા જેવા મહાન ગ્રંથમાં પણ ઓછા તર્ક કે પ્રશ્નો નથી

ઉઠાવવામાં આવ્યા. અર્જુને જે ઠેકાણે જે વાત ન સમજાઇ તેને માટે તરત જિજ્ઞાસા બતાવી છે, ને ભગવાને આ વાત મેં કહેલી કે શાસ્ત્રોમાં વર્ણવેલી છે, માટે ગળે ઉતારી લે એમ કહેવાને બદલે તે જિજ્ઞાસાવૃત્તિની કદર કરીને તેને સંતોષવા થાય તેટલા બધા જ પ્રયાસ કરેલા છે. એટલે ધર્મ કે તત્ત્વજ્ઞાનને નામે માણસની જિજ્ઞાસાવૃત્તિ, સ્વતંત્ર વિચારશક્તિ કે બુદ્ધિનું અપમાન ને ખૂન કરવાની જરૂર નથી. જિજ્ઞાસુ ને શંકાશીલ લોકોના પ્રશ્નોને ઉડાવી દેવાની ને ટાળવાની પ્રથા આપણે ત્યાં ઠેકઠેકાણે ચાલે છે. તે પ્રથાને તંદુરસ્ત કે આવકારદાયક ન જ કહી શકાય. તર્કશક્તિની ઉચિત મર્યાદા સમજીને તેને જરૂરી ન્યાય આપવાની જરૂર છે. ભારતીય જ્ઞાનધારાનું અવલોકન કરતાં સમજાય છે કે સૌથી પહેલાં તર્ક પેદા થયો છે, પ્રશ્ન ઉત્પન્ન થયો છે, પછી માણસે સાધનાનો પ્રયોગ કર્યો છે, ને પ્રયોગથી જે જડ્યું કે નક્કી થયું તેને તર્કબદ્ધ રીતે સમજવા ને સમજાવવા પ્રયાસ કર્યો છે. એમ આરંભ ને અંતે તર્કશક્તિનો જ મહિમા રહ્યો છે. શરૂઆતમાં જિજ્ઞાસુવૃત્તિને પરિણામે ઉત્પન્ન થયેલા તર્કને છેવટે સ્વાનુભવનો આનંદ મળતા નિશ્ચયાત્મક દશાએ પહોંચેલો વિચાર કે તર્ક, કેનોપનિષદની શરૂઆતમાં જ આપણને આ વાતની સત્યતાની પ્રતીતિ થઇ જાય છે. તે કેવી રીતે તે જોઇએ.

ઉપનિષદનો આરંભ જ જિજ્ઞાસા કે તર્કથી થાય છે. પોતાના શરીર ને પોતાની આજુબાજુની દુનિયાનું નિરીક્ષણ કરીને ઋષિ તરત વિચારમાં ડૂબે છે ને પ્રશ્નોની પરંપરા શરૂ કરે છે. કોની ઇચ્છા ને પ્રેરણાથી મન પોતાના વિષયો તરફ ગતિ કરે છે? પ્રાણ કોની સાથે સંબંધ સાધીને હલનચલન કરવાનું કામ કરે છે?



માણસો કોની શક્તિ ને પ્રેરણાથી પ્રેરાઇને બોલે છે અથવા તો વાણી કોનાથી પ્રેરિત થઇને પોતાનું કામ કરે છે? ને આંખ ને કાનને જોવા તથા સાંભળવાની શક્તિ કોણ પૂરી પાડે છે? શરીરની અંદર ને બહાર એવી કઇ શક્તિ છે કે જેના નિયંત્રણમાં રહીને આ બધાં પોતપોતાના વ્યવસાયમાં લાગી શકે છે. મન ને ઇન્દ્રિયોથી અતીત થઇને જે પુરુષ તે મહાન શક્તિને જાણી, અનુભવી કે ઓળખી લે છે તે સાચા અર્થમાં સુખી ને અમર બને છે. કઠપૂતળીના નાચના ખેલમાં જેમ એક માણસ પડદા પાછળ રહીને દોરીસંચાર કરે છે ને પૂતળીઓને નચાવે છે, તેમ તે મહાન શક્તિ મનુષ્યની અંદર રહીને મન ને ઇન્દ્રિયોને પોતપોતાની પ્રવૃત્તિમાં દોરે છે, ને સંસારમાં પણ બધે જ વ્યાપ્ત થઇને જડ ને ચેતનમાં પ્રાણસંચાર કરી રહી છે. મન ને ઇન્દ્રિયોથી પર થઇને માણસ તે પરમ શક્તિની ઝાંખી કરી શકે છે.

અનુભવની દુનિયામાં એ પ્રમાણે ડૂબકી લગાવીને ઋષિ એ પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરે છે ને પોતાના પ્રશ્નોના બુદ્ધિગમ્ય ઉત્તરો મેળવી લે છે. આ પ્રમાણે તત્ત્વજ્ઞાનનો આખો ક્રમ કેવળ શ્રદ્ધા રાખીને માની લેવાનો નહીં પરંતુ વિચારપ્રધાન તેમજ અનુભવની એરણ પર કસાઇને ઉજ્જ્વળ થઇને પાર ઊતરેલો છે. બુદ્ધિનું અપમાન કરવાની કે બુદ્ધિને ઉતારી પાડવાની વૃત્તિ કોઇ ઠેકાણે નથી દેખાતી. તેની સાથેસાથે એ પણ યાદ રાખવાનું છે કે એકલી બુદ્ધિનું જ સર્વસ્વ માની લેવાની વાતને પણ મહત્ત્વ નથી આપવામાં આવ્યું. બુદ્ધિની સાથે અનુભવને પણ જરૂરી માનવામાં આવે છે.

# પૂ.માની સંનિધિમાં દિવાળીના પર્વ પહેલાં

ડૉ. બી. જે. જાગાણી

દિવાળીનો દિવસ છે. મા—પ્રભુનો અવતાર માનવના દિલમાં દિવા કરવા માટે જ છે. મા! ખંડિયર થતાં માનવ જીવનનો જીર્ણોધ્ધાર કરવાનું ભગીરથ કામ કરી રહ્યાં છે. પૂ.શ્રીમા તો મૌન રહીને પોતાની સ્લેટમાં શ્રી હરિ જે લખાવે તે લખીને સાધકને કે સાધકનાવૃંદને સતત પ્રેરણા ધરી રહ્યાં છે. આ પ્રેરણા જ સાધકના જીવનનું એક ઝરણું બનીને પૂ.શ્રી મારૂપી સરિતામાં ભળી રહ્યું છે. સ્વર્ગારોહણતીર્થમાં વિવિધ ઉત્સવો કે સત્કર્મો વખતે સૌ સાધકો આવે ત્યારે પૂ.શ્રી મા ખૂબ પ્રસન્ન થાય છે અને સત્કર્મના ભાથા સાથે સ્વની યાત્રાનું ભાથું પણ બંધાવી આપે છે. સ્વની યાત્રામાં જવાનું છે એકલું, છતાં પણ રસ્તાનો પરિચય, વિઘ્નો, શીતળ છાંયડાના વૃક્ષોની ઓળખ પાણીનો સ્રોત, ધર્મશાળા વગેરેનો પરિચય તો ખરો જ. આ તો પરમની યાત્રાના યાત્રીઓ છે ને પૂ.મા તો પરમને પામીને શાંત બનીને સૌને તે યાત્રામાં સામેલ કરી રહ્યાં છે. વળી અહીં સૌ પધાર્યા છે. એટલે પૂ.શ્રીમા સ્લેટમાં લખે છે. બપોરની બેઠકમાં.

માઃ ''સ્વર્ગારોહણને ૨૫ વર્ષ થયાં. ૨૫ વર્ષમાં સ્વર્ગારોહણ સમૃદ્ધ થઇ ગયું છે. સમૃદ્ધિની સાથે શ્રદ્ધાની સંપત્તિ પણ વધી છે. તો જ દિવાળીના દિવસોમાં ટૂરમાં જવાને બદલે સ્વર્ગારોહણમાં તમે સૌ આવ્યા છો.''

અહીં શું મળે છે તે તો દરેકની પોતાની વ્યક્તિગત સંપત્તિ છે. કોઇનું વ્યક્તિગત બેંક બેલેન્સ ના પૂછાય એટલે એ રીતે દરેકનું શ્રદ્ધા ભક્તિનું બેંક બેલેન્સ પણ પોતે જ જાણે છે. અમે તો મન અંતરથી ખૂબ ખુશ થતાં રહીએ છીએ. અહાહા! આટલા



બધા માને પ્રેમ કરે છે?

અમે પ્રભુને કહીએ છીએ કે અમે આપને પ્રેમ કરીએ છીએ, પણ તે પ્રેમ એંઠો, જૂઠો, વધેલો, સગાવ્હાલાએ નકારેલો પ્રેમ નથી. તો આપણા પ્રેમમાં એવી તાકાત પ્રગટાવવી જોઇએ કે પતંગ ઉતારી પણ લે. તો એ રીતે પ્રેમનો તંતુ મજબૂત કરીએ તો પ્રભુ પણ આપણી હથેળીમાં રમે. એવો પ્રેમ વધારવા આજકાલ અમે જ કલાક પ્રાર્થનાનો નિયમ લીધો છે. તમારી સૌની કૃપાથી એ નિયમ ચાલે છે.

પ્રભુને પ્રેમ કરવાની રીત પૂ.શ્રીમાએ સહજ રીતે શીખવી દીધી. ભક્તો માને પ્રેમ કરે, મા પ્રભુને પ્રેમ કરે. મા—પ્રભુ ભક્તોની રક્ષા કરે. બસ! આ જ એક પ્રેમની શૃંખલા સતત ને સતત યુગોથી ચાલતી આવે છે. ને નવા નવા યુગે તે નવપલ્લવિત થાય છે. સ્વર્ગારોહણ પૂ.શ્રીમાની સંનિધિમાં પ્રેમનું સામ્રાજ્ય જોઇ રહ્યું છે. કહો કે એ તીર્થમાં પૂ.શ્રીમાની પ્રેમની સરિતામાં સ્નાન કરી રહ્યાં છે.

શ્રી નારાયણભાઇ જાની ૯૨ વર્ષની ઉંમરે સ્વસ્થ જીવન જીવી રહ્યા છે. પૂ.શ્રીના બાળ સખા છે. એ દાદાને સૌ નાનાં નાનાં બાળકો પ્રશ્નો પૂછીને પૂ.શ્રીના જીવનને પોતાના જીવનમાં ઉતારવા પૂ.શ્રીમા પ્રસંગ ઊભો કરી દે છે. નિર્ભય, મોક્ષા, દિશા, ગાર્ગી, નિત્યા, દેવાંગી, વગેરેથી પૂ.શ્રીના જીવનની જાણકારી મેળવવા પોતાની ઉંમરને લક્ષમાં લઇને પ્રશ્નો કર્યા. પૂ.શ્રીનો અભ્યાસકાળ, સાધના, તપ, માતાજી સાથેનું જીવન, હિમાલયનો નિવાસ વગેરે પર આવેલા સવાલોના જવાબો સરસ રીતે અપાયા. સૌને આનંદ થયો. આ જવાબોથી પૂ.શ્રીમા સ્લેટ પર લખે છે.

''માઃ શ્રી નારાયણભાઇ હાલતાં ચાલતાં ગ્રંથ જેવા છે. ઘણું ભાથું છે. પૂછી પૂછીને પામવું.''

બપોરની ૩.૦૦ની બેઠક પૂર્ણ થાય છે. પછી ૫.૩૦ થી ૬.૩૦ સુધી સંકીર્તનની બેઠક શરૂ થાય. સંકીર્તન પૂ.શ્રીમાને ખૂબ પ્રિય છે. યુગોથી સંતો, ભક્તો, ભગવાનને પ્રિય છે. એવું શાસ્ત્રોમાં વાચ્યું છે. પણ સ્વર્ગારોહણમાં સૌએ તે પ્રત્યક્ષ અનુભવ્યું છે.

રાત્રીની ૯ ની બેઠકમાં પૂ.શ્રીમા પધારે છે. આદ્ય શંકરાચાર્યનું નાટક સૌને ડી.વી.ડી. થી દર્શાવાય છે. એ નાટક પૂ.શ્રીમા નિહાળે છે. ભક્તો પણ ખરા જ. સ્વર્ગારોહણ પણ માને ખૂબ પ્રિય છે. ભક્તો પણ પ્રિય છે. એ વિશે પૂ.શ્રીમા સહજ રીતે સ્લેટમાં લખે છે.

''માઃ સ્વર્ગારોહણમાં આવવાનો પરિશ્રમ કરવો એ પણ સાધના જ ગણાય. આવડો મોટો મધ જેવો મીઠો સંસાર છોડીને આવવું એ પણ સાધના જ છે ને?''

શ્રી આદ્ય શંકરાચાર્યના નાટકે પૂ.શ્રીમાને કાલડીનિવાસની સ્મૃતિ તાજી કરી. પૂ.શ્રીમા સ્લેટમાં લખે છે.

માઃ આપણાં દેશમાં કેવી કેવી પરમ વિભૂતિઓ પ્રગટીને ધર્મનું રક્ષણ કરીને વિદાય પણ થઇ. પૂ.શ્રીની સાથેની યાત્રામાં અમે કાલડી(શંકરાચાર્યનું જન્મસ્થાન કેરલ)માં એક રાત હતાં.

ધર્મશાળામાં ત્રણ જ ઓરડા મળ્યા. પૂ.શ્રીના ઓરડાની બાજુમાં જ ચાર બહેનોને ઉતારો મળ્યો. પલંગ તો ન હતા. બાથરૂમ પણ નહોતું. રાત્રે પૂ.શ્રીએ અમને સૌને કહ્યું. ચિંતા ન કરતાં. અમે તમારી બાજુમાં જ છીએ. હવે સવાર પડી. પૂ.શ્રી ને માતાજીએ એમના ઓરડામાં ઠંડા પાણીથી સ્નાન કર્યું. પછી પૂ.શ્રી ઓટલે બેઠા. અને માતાજી અમને કહેવા આવ્યાં. ''મહાત્માજી બહાર બેઠા છે. તમે બધાં અમારા ઓરડામાં આવીને સ્નાન કરી લો. કેવી વ્યવહારુકુશળતા ને સાદાઇ! અને



પૂ.શ્રી એ સવારે ઓટલે બેઠા બેઠા એક પદ લખ્યું.'' આપણે આ સ્થળમાં પણ હતા.'' તે દિવસે તો એનો અર્થ ખાસ સમજાયો ન હતો. (પ્રકાશના પંથે ગ્રંથમાં પૂ.શ્રીને પૂર્વના અવતારોનું જ્ઞાન થયેલું ને એક અવતાર તરીકે શ્રી શંકરાચાર્ય હતા તેવી નોંધ કરી છે.) એ મહાપુરુષની અનેક વિશેષતાઓ જીવનને સતત નવી પ્રેરણા ધરતી રહી છે.

શાસ્ત્રોના ને સંતોના જીવનના ગૂઢાર્થો ઉકેલવા એ સહેલું નથી. પણ પૂ.શ્રીમા અઘરાને સહેલું બનાવીને ભક્તોને પચે તેવું પીરસે છે. જેમ પક્ષી પોતાના નાનાં નાનાં બચ્ચાને ચાંચમાં ખોરાક ખવરાવે તેમ. શાસ્ત્રો ને મહાનવિભૂતિઓના જીવનના દર્શન પછી પૂ.શ્રીમા—યુવા દીકરીઓને પ્રિય એવો રાસ રમાડે છે. ''કાના રે થોડા સા પ્યાર દે.'' સંગીત પર બનેલી સી.ડી. પર સુકૃતિ, શ્રદ્ધા, કૃતિ—કૃપા, નિત્યા, વૈષ્ણવી, કૃપા કલોલા, ગાર્ગી, પૂજા કલોલા, પૂજા ફરસરાણી, દેવાંશી, આદ્યાએ રાસ રજૂ કર્યો. આ રાસ પૂ.શ્રીમાને ખૂબ ગમ્યો. ભક્તોને પણ ગમ્યો. બીજી વાર રજૂ થયો. રાસ રમનારને પ્રસાદ ને લક્ષ્મીજી તો મળે જ. પણ સાથે સાથે પૂ.શ્રીમાની સ્લેટ પર આશીર્વાદ, પ્રેરણા, બોધ, જીવન નૌકાને દિશા પણ મળે. એ જાણવા સૌ ખૂબ ઉત્સુક હોય. આ રહ્યો એ શબ્દ પ્રસાદ.

''માઃ માત્ર અર્ધા દિવસની તાલીમથી જો તમે આટલું સરસ કરી શકો તો તો જીવનમાં જ્યાં જ્યાં રાસ કે ગરબાની જરૂર પડે ત્યાં તેને અભિનય કરીને સફળ થઇ શકો. રોજ આ રીતે ઘેર એકલા પણ ૧૫ મિનિટ પ્રભુ સાથે ઘૂમી લો તો કોઇ રોગની તાકાત નથી કે તમારામાં આવી શકે. આ પ્રવૃત્તિમાં બધા જ અંગોને ઉત્તમ વ્યાયામ મળે છે. મા ડૉક્ટર હોત તો પ્રિસ્ક્રીપ્શનમાં દરેકને ગરબા લેવાનું લખી દેત.''

યુવા દીકરીઓને પ્રભુની ફરતે રાસ લેવાનો સાધના પંથ

પૂ.શ્રીમાએ સહજ રીતે બનાવી દીધો. વિશ્વમાં જેટલા જીવો તેટલા પ્રભુને પામવાના વ્યક્તિગત પંથ. જેમ રોગીઓને અલગ અલગ રોગ ને સાજા થવાની અલગ અલગ દવા તેમ. આ જ પૂ.શ્રીમાનું અવતાર કાર્ય છે. રાસની સાથે કહી દીધું કે પ્રભુને માટે ૧૫ મિનિટ રાસ રમો. જીવનના સંગ્રામમાં પણ. શ્રી કલ્યાણને પૂ.શ્રીમા થોડું બોલવા કહે છે. શ્રી કલ્યાણ ભક્તવૃંદનું પૂ.શ્રીમાના જીવનમાંથી ટપકતું અમૃતરસ ને પ્રેમરસ ઝીલનારું પાત્ર છે. એટલે અન્યોન્સ પ્રેમ પ્રગટ થયા વિના રહી શકે નહીં. શ્રી કલ્યાણ કહે છે કે ''પૂ.શ્રીમાની છત્રછાયામાં જીવનનો આનંદ લૂંટી રહ્યા છીએ. એ જીવનનું ગૌરવગાન ગાતાં ધરાતાં નથી. પૂ.શ્રીમા લીલા દર્શન કરાવે છે. શાસ્ત્રોની વાતો જુની છે. પૂ.શ્રીમાના તપ, ત્યાગ, સમર્પણ, પ્રેમ, શ્રદ્ધા, સરળતા, અલૌકિકતાની અદ્‌ભુત નિશાળ રચાઇ છે. પૂ.શ્રી હિમાલય છે, મા ભાગીરથી છે. તેમાં સ્નાન કરીએ તો જીવન સાર્થક થાય.''

આજે તો દિવાળી છે. પરમ દિવસે નૂતનવર્ષ પ્રારંભ પામે છે. એટલે પૂ.શ્રીમા ભક્તોને સહજ કૃપા પ્રસાદ શબ્દ સરિતા સમી સ્લેટથી આપે છે.

''માઃ પરમ દિવસે નવું વરસ આવી રહ્યું છે. એક જ દિવસ બાકી છે. આખા વર્ષનો જપ તપનો હિસાબ બધા મનથી લખીને પ્રભુને ધરજો. વિતેલાં વર્ષમાં પાઠ, પ્રણામ, પ્રાર્થનામાં કેટલા નિયમિત રહ્યા. નવા વર્ષથી શું શું કરવું છે? એ બધું જ કાલે વિચારી લેવાનું છે.

વેરઝેરના પોટલાં છોડીને તેને સળગાવી દેવાનાં છે. પ્રેમ ને ક્ષમાના પ્રસાદથી સૌને જીતી લેવાના છે. વિદ્યાર્થીઓ નક્કી કરે કે ઉત્તમ અભ્યાસ કરવો છે. ગૃહિણીઓ નક્કી કરે કે એક વર્ષ પતિ જોડે. ઝઘડવું કે રીસાવું નથી. પતિઓ પણ નક્કી કરશે



દેવીનું સન્માન કરીશું એક વર્ષ સુધી. તો દરેક ઘર સ્વર્ગ બની જાય. નંદનવન બની જશે.''

અહીં બેઠેલાં ઘણા માતા–પિતા બાળકોને કદાચ મારતાં હશે. તે પણ નક્કી કરે કે એક વર્ષ સુધી બાળકોને શારીરિક શિક્ષા ના કરવી. આપણાં ફૂલ જેવાં કૂમળાં બાળકોને આપણા કઠોર હાથ કેવા વાગતા હશે? પ્રેમથી વાળી લો.

''ગિજુભાઇ કહેતા. પત્થરની મૂર્તિની પૂજા ઘણી કરી. આ જીવતા બાળ દેવતાની પૂજા કરો. એમને હસતાં રાખો. કારણ, એના આગમનથી ઘર હસતું રહે છે. વિચારજો. આપણી કઇ કઇ ત્રૂટિઓ છે. તેને દૂર કરવાની મથામણનો પ્રારંભ કરજો. પોતે જ પોતાને મળજો. પોતાને પૂછજો. પોતાની સાથે જ બેસજો. ને સારા નિર્ણયો લેજો.''

રાત્રીની આ બેઠકમાં હાસ્યરસને ભક્તિરસ સહજ પીરસાયો. સાથે સાથે પોતાને (સ્વને) મળવાનો સરળ રસ્તો પૂ.શ્રીમાએ સહજ બતાવી દીધો.

પૂ.શ્રીમાની જીવન લીલાં વિવિધ પાત્રો, વિવિધ સ્થળો, વિવિધ શાસ્ત્રો ને વિવિધ બોધનો એક મહાસંગમ જણાય છે. વિશ્વની અટારીએથી જોઇએ તો એવું લાગે કે પૂ.શ્રીમા તો પૂ.શ્રીમાં જ સ્થિર છે, પૂ.શ્રીમાં જ ઓગળી ગયાં છે. પૂ.શ્રીમાં જ વિશ્રામ ને વિશ્રાંતિ પામી ગયાં છે. એટલે જ તો આપણી જેવા નાનકડાં થઇને આપણને ભાવતાં ને ગળતાં, પ્રેમનાં ભોજન ખવડાવી રહ્યાં છે. એ સહજ, સરળ, મહાન વિભૂતિની સંનિધિમાં આવનાર સૌ કોઇ પ્રણામ કરી લે છે ને જીવનમાં શાંતિ પામી લે છે. જય હો એ શ્રીમાને. શ્રીમાની લીલાને.

(ક્રમશઃ)

# સ્વર્ગારોહણ ખાતે નેત્રયજ્ઞ

રાજુભાઈ જાની

પૂ.શ્રીમા સર્વેશ્વરીની સંનિધિમાં સ્વર્ગારોહણ રજત જયંતી વર્ષ સત્કર્મ પર્વ દરમ્યાન તા. ૧૯ ડીસેમ્બર થી ૨૨ ડીસેમ્બર ૪ દિવસ એક નેત્રયજ્ઞ સેવાનું સત્કર્મ પણ સાકાર થયું. પૂ.શ્રીમાના અમેરિકા નિવાસી ભક્ત દંપતિ શ્રી પિનાકીનભાઈ પટેલ અને ડૉ. નિરુપમા પટેલના આર્થિક સહયોગની રોટરી આઈ ઈન્સ્ટીટ્યુટ નવસારીની ચિકિત્સા અને ઓપરેશન સહયોગથી સ્વર્ગારોહણના ઈતિહાસમાં સૌથી મોટો નેત્રયજ્ઞ આયોજીત થયો.

આ નેત્રયજ્ઞમાં દર્દીઓને આંખોની ચિકિત્સા માટે અંબાજી આવવું ન પડે માટે સાત અલગ અલગ સ્થાનોમાં ચિકિત્સા કાર્ય થયું, જેમાં પાન્સા, દાંતા, બેડા, સનાલી, પાડલીયા, પોશીના અને અંબાજીના કુલ ૭૮૦ દર્દીઓની આંખોની તપાસ થઈ શકી જે પૈકી ૨૪૨ દર્દીઓ મોતીયા અને વેલના ઓપરેશન માટે પસંદ થયા. કેટલાકની શારીરિક ક્ષતિઓના કારણે ૪ દિવસ દરમ્યાન ૨૩૪ ઓપરેશન થઈ શકયા.

ઓપરેશન કરાયેલ દર્દીઓને નિવાસ સુવિધા પોતાના એક સગાની સાથે આપવામાં આવી તો ઓપરેશન પછી દર્દીને દવા ખૂટી જાય તો લેવા પણ ન જવું પડે તે માટે બે માસની વધારાની આંખના ટીપાની દવા પણ દરેકને આપવામાં આવી.

શ્રી પિનાકીનભાઈ અને ડૉ.નિરુપમાબહેન તરફથી દરેક ઓપરેશન કરાવનાર દર્દીને ધાબળો, શેત્રંજી, ટુવાલ, તેમજ થાળી–વાટકા–ગ્લાસ સાથેનો એક સેટ પ્રસાદમાં બુંદી–ચવાણા અને બિસ્કીટ વેફર વગેરે સાથે અપાયો. દરેક દર્દીઓને આવવા



જવાના ખર્ચના રૂા.૧૦૦ પણ લક્ષ્મી પ્રસાદ રૂપે અપાયા.

પૂ.શ્રીમાએ એક અઠવાડિયા પછી વિદેશથી આવેલા બાળકો સાથે ત્રણ અલગ અલગ ટીમ બનાવી દરેક દર્દીના ઘરે તેઓ દવા નિયમિત નાંખે છે કે કેમ તેમજ સૂચના મુજબ આંખોની કાળજી દર્દીઓ રાખે છે કે કેમ તે તપાસ પણ કરાવી. જ્યાં જ્યાં જરૂરી લાગ્યું ત્યાં વિશેષ કાળજીની સલાહ પણ અપાવી.

તા.૩જી જાન્યુઆરી ૨૦૧૧ ના દિવસે બધા જ દર્દીઓની આંખોની તપાસ થઈ, જેમાં બધા જ ઓપરેશન શ્રી પ્રભુ ભગવંતની કૃપા અને પૂ.શ્રીમાના આશીર્વાદથી સંપૂર્ણ સફળ થયા હોવાનું જણાયું. આંખોની ચિકિત્સા દરમ્યાન લગભગ ૨૦ બાળ દર્દીઓની દૃષ્ટિ ક્ષતિ માટે નવસારી હોસ્પીટલમાં જ ઓપરેશન શક્ય હોવાથી, તા.૨૨ ડીસેના રોજ ત્રણ બાળકો નવસારી લઈ જવાયાં હતાં જે પૈકી બે બાળકોના ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થયા છે. ત્રીજા બાળકનું ઓપરેશન થોડા સમય પછી થઈ શકશે.

તે જ રીતે તા.૩ જાન્યુઆરીના દિવસે બીજા ૭ બાળકોને નવસારી લઈ જવાયા છે. જેમના ઓપરેશન માટે ની કાર્યવાહી ચાલુ છે.

અંબાજીથી નવસારી લઈ જવાના દર્દીઓને લાવવા લઈ જવાનો તમામ ખર્ચ પૂ.શ્રીમાના લોસ એન્જલસના યજમાન શ્રી ભગવાનજીભાઈ ભક્ત (શામપૂરા) તરફથી અપાયો છે. તે જ રીતે નવસારી લવાયેલા દર્દીઓના ઓપરેશન તેમજ સારવાર માટે થનાર ખર્ચ શ્રી પૂજાબહેન જગદીપભાઈ ભક્ત(કર્પૂરવન) તરફથી આપવામાં આવ્યો છે. આ રકમ પૂજાબહેને પોતાના અભ્યાસની સાથે સાથે સ્વર્ગારોહણમાં સત્કર્મ સહાય માટે જોબ(નોકરી કરીને) પોતાની સ્વકમાઈમાંથી જ આપેલ છે.

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

'મારા સંગીતસ્વરથી આ સૃષ્ટિ અમૃતમય બનતી હશે એ સાચું છે પરંતુ એથીય વધારે સાચું તો એ છે કે તારા સુધામય સૌંદર્યથી એ વિશેષ સુંદર, સુખમય અને સ્વર્ગીય બની ગઈ છે. તારે લીધે સૃષ્ટિનો કણેકણ આકર્ષક અને આહ્લાદક લાગે છે. તારી આંખમાંથી જે સુધાકિરણો છૂટે છે તે સૃષ્ટિમાં નવી ચેતનાનો ને નવા રસનો સંચાર કરે છે.'

રાધાએ કહ્યું:

'હું જે બોલું છું તે શબ્દો તને તારા પ્રત્યેના પ્રેમથી પ્રેરાયલા લાગે છે તો પછી તારા શબ્દો મારા પ્રત્યેના પ્રેમથી પ્રેરાયેલા નથી?'

'એનો ઉત્તર હું નહીં આપું. સુપ્રિયા આપશે.'

રાધા તથા કૃષ્ણે સુપ્રિયા તરફ જોયું એટલે સુપ્રિયાએ કહ્યું:

'પ્રેમ વિના કોઈને માટે કોઈ સારું બોલી શકે છે ખરું?'

હૃદયનો રાગ શબ્દોની જુદી જુદી રાગરાગિણીના રૂપમાં પ્રકટ થાય છે. તમારા બંનેના અસાધારણ સ્નેહની સાક્ષી બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું છે એથી મને ખરેખર આનંદ થાય છે. તમારો પ્રેમ ઉત્તરોત્તર વધે અને અમર બને એવું ઈચ્છું છું. એને નિહાળીને મારું અંતર નાચી ઊઠશે.'

'તું પણ પ્રેમની મહાદેવી છે, સુપ્રિયા!' કૃષ્ણે એને અંજલિ આપી; 'તારું અંતર પણ ઓછું ઉદાત્ત નથી જ. તારો પ્રેમ પણ એકદમ અસાધારણ છે. તને હું સદાને માટે નહીં ભૂલી શકું.'



'સાચેસાચ?'

'હા. સાચેસાચ.'

'સુપ્રિયા તો એક મહામૂલું રત્ન છે રત્ન. વ્રજમંડળનું જ નહીં, સમસ્ત સંસારનું રત્ન. અવનવીન અને અજોડ રત્ન.'

રાધાના એ સ્નેહમય શબ્દોને કૃષ્ણે વધાવી લીધા.

સુપ્રિયાએ સંતોષના સર્વોત્તમ સુખનો અનુભવ કરતાં આંખ મીંચી દીધી.

**પ્રકરણ : અવિસ્મરણીય દિવસ**

સુપ્રિયાએ થોડાક સમય પછી શાંતિપૂર્વક કહ્યું:

'જે રત્ન હોય તે બીજાને રત્ન જ સમજે છે. એને બધે કંચન જ દેખાય છે, કથીર નહીં.'

કૃષ્ણે કહ્યું:

'તારી યોગ્યતાની સાચી પ્રશસ્તિ કરીએ છીએ તે પણ તને વધારે પડતી લાગે છે?'

રાધાએ જણાવ્યું:

'તું પોતે અમારે માટે ઈચ્છાનુસાર બોલે તેની હરકત નહીં, અને અમારી વાણી તને અત્યુક્તિ જેવી લાગે છે? તું ખરેખર આ ધરતી પરનું રત્ન જ છે.'

વિવિધ પ્રકારની પ્રેમપૂર્ણ વાતો કરતાં કરતાં ત્રણે બીજા ગોપબાલો સાથે વૃંદાવનની મુખ્ય ભૂમિમાં પ્રવેશ્યાં.

બીજે દિવસે કૃષ્ણ યમુનાતટ પર પહોંચી ગયા.

યમુનાના કુંડની પાસે આવેલા કદંબવૃક્ષ પર ચઢીને કમરપરના રેશમી કપડાને મજબૂત રીતે બાંધીને એમણે એ વિષયુક્ત કુંડમાં કૂદકો માર્યો.

એ કૂદકો કાલિય નાગને માટે કાળની કંકોતરી જેવો થઈ પડ્યો.

કૃષ્ણે મતવાલા માતંગની પેઠે કુંડનું પાણી ઉછાળવા માંડ્યું.

એથી બધે ખળભળાટ થઈ ગયો.

બાજુના નિવાસસ્થાનમાં રહેતો કાલિય નાગ પાણીમાં પોતાના શત્રુને આવેલો દેખીને દોડી આવ્યો.

એ કૃષ્ણને ડરાવવા ને ધમકાવવા લાગ્યો. પરંતુ કૃષ્ણ કાંઈ કાચી માટીના ન હતા એટલે એમને એની કશી જ અસર ના થઈ.

થોડીકવાર તો એ કાલિય નાગ સાથેના સંઘર્ષ દરમિયાન એના પાશમાં બંધાઈ ગયા.

એથી ગોપીઓ, ગોપબાલો તથા વનપ્રદેશમાંથી પાછા ફરેલા બળરામ ખૂબ જ ચિંતાતુર બની ગયા.

એ એમને નિર્જીવ બનેલા જોઈને શોક કરવા લાગ્યાં.

એમના પ્રખર પવિત્ર પ્રેમનો વિચાર કરીને કૃષ્ણે નાગપાશમાંથી મુક્તિ મેળવીને નાગ સાથે પૂરા જુસ્સાથી ઝઝૂમવા માંડ્યું.

કાલિય નાગની જીવનશક્તિ ક્ષીણ થવા માંડી.

આખરે એ બેહોશ બની ગયો. એના મુખમાંથી રક્ત વહેવા લાગ્યું.

એ કરુણ દયાજનક દશ્ય દેખીને એની પત્નીઓ એના એકાંત આવાસમાંથી બહાર આવીને એની મુક્તિ માટે પ્રાર્થના કરવા લાગી.

એ પ્રાર્થનાથી પ્રસન્ન થઈ ને કૃષ્ણે કાલિય નાગને પોતાના



પાશમાંથી છોડી દીધો.

એના શરીરમાં ચેતનાનો સંચાર થયો.

એણે પશ્ચાત્તાપયુક્ત સ્વરમાં કહેવા માંડ્યું:

‘હું જન્મથી જ દુષ્ટ, ક્રોધી અને પાપી છું. મારી પાશવી પ્રકૃતિને લીધે અનેક પ્રકારના અમંગલ પૂર્વગ્રહોથી બંધાઈને કેટલાય વખતથી પ્રતિકૂળ પ્રવૃત્તિ કરી રહ્યો છું. મારા કુકર્મને માટે અંતઃકરણપૂર્વક માફી માગું છું. કૃપા કરીને મને મુક્તિ આપો.’

કૃષ્ણે કહ્યું:

‘કાલિય, તું નાગ જાતિમાં જન્મ્યો હોવાથી ખૂબ જ દુષ્ટ છે. તેં યમુનાના નિર્મળ જળને અને એની આજુબાજુના વાતાવરણને દૂષિત કરીને વ્રજવાસી જીવોનું ભારે અહિત કર્યું છે. સમાજને માટે તું મોટામાં મોટા આતંકરૂપ ઠર્યો છે. તોપણ તું ક્ષમાપ્રાર્થના કરતો હોવાથી દયાર્દ્ર દિલે ક્ષમા આપું છું. પરંતુ એ ક્ષમાને અનુસરીને મારા એક આદેશનું પાલન કરવું પડશે.’

‘કયા આદેશનું? તમે જે આદેશ આપો તેનું એક આજ્ઞાંકિત સેવકની પેઠે પાલન કરવાની મારી પૂરેપૂરી તૈયારી છે. તમારે માટે કોઈ પણ કામ કરવામાં હું પાછી પાની નહીં કરું.’

‘મારો આદેશ ઘણો જ સ્પષ્ટ છે. તું તારા સમસ્ત પરિવાર સાથે આજે ને આજે જ આ પવિત્ર સુંદર સર્વોપયોગી સ્થાનનો ત્યાગ કરીને બીજે ચાલ્યો જા, જેથી જુદા જુદા બધા જ જીવો યમુનાજળનો મુક્ત રીતે સુખશાંતિ તથા નિર્ભયતાપૂર્વક લાભ લઈ શકે.’

કાલિય નાગે એ આદેશનો સ્વીકાર કર્યો.

**(ક્રમશઃ)**